# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 32

JAGRUTI SANDESH

Vol 16 Issue No. 04 - Mumbai APRIL 2016

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



# JJC CENTRAL BOARD

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST
## FELICITATION CEREMONY HONOURABLE DONOR'S &
## JJC CENTRE'S SATURDAY, 2nd APRIL 2016

# HIGHER EDUCATION ABHIYAN - 2015



**શ્રી જિતેંદ્ર કોઠારી**
ચેરીટેબલ ટ્રસ્ટના ચૅરમૅન



**શ્રી સંજય શાહ**
સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન



**શ્રી રમેશ મોરબીયા**
આય.પી. ચૅરમૅન સેન્ટ્રલ બોર્ડ



**શ્રી પ્રફૂલ કામદાર**
સેક્રેટરી જનરલ



**શ્રી જયંતીભાઈ છાડવા**
સેક્રેટરી



**શ્રી પ્રવીણભાઈ શાહ**
ટ્રસ્ટી



**શ્રી પ્રાણલાલ શેઠ**



**લાયન ડૉ. અશોકભાઈ મહેતા**
ભૂતપૂર્વ ઈન્ટરનેશનલ પ્રમુખ



**શ્રી બીપીનભાઈ વોરા**
ઝાલાવાડ શ્વે.મૂ.જૈન સંઘ-મુંબઈના પ્રમુખ

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી રમેશ એમ. સંઘવી |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



**છૂટક મૂલ્ય રૂ.૫/-**  **વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**


## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો**

જય જિનેન્દ્ર,

હાશ.... ચાલો પરીક્ષાની સિઝન પતી ગઈ અથવા તો પતવાને આરે છે. થોડા જ સમયમાં બધા ચિંતામુક્ત અવસ્થામાં ટહેલતા જોવામાં આવશે. રેલવે મિનિસ્ટર સુરેશ પ્રભુના નિર્ણયથી હવે ત્રણ મહિના અગાઉથી જ વૅકેશનનું આયોજન કરવું પડે છે. નવાઈની વાત એ છે કે ઘણી સ્કૂલો કે કૉલેજો તેમની વૅકેશનનું આયોજન ચાર મહિના અગાઉ કરતી નથી, જેથી છેલ્લી ઘડીએ Panicનું વાતાવરણ સર્જાય છે. વૅકેશનમાં તો Outing કરવું જ જોઈએ, કારણ અભ્યાસ દરમિયાન હવે એક દિવસની પણ છુટ્ટી મળતી નથી. પરિણામે પરીક્ષા પતે એટલે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ (ખાસ કરીને માતા) હાશકારો અનુભવે છે. શિક્ષણપદ્ધતિ વિશે બળાપો કરવો નકામો છે, કારણ કોઈ જ એમાંથી રસ્તો કાઢી શકે તેમ નથી. ઊલટાનું જેમજેમ પ્રયત્ન કરીએ છીએ તેમતેમ ગૂંચવાડો વધતો જાય છે. જાણે બધું જ લૂંટી લેવાનું હોય તેમ બધા જ પ્રકારનું ભણાવવામાં આવે છે જે બધાને બધા સમયે જરૂરી નથી હોતું. પરીક્ષા પતી નથી ને કેટલાય અલગઅલગ પ્રકારના ક્લાસના રાફડા ફાટી નીકળે છે. બિચારાં બાળકોનું તો બચપણ જ છીનવાઈ ગયું છે.

પરીક્ષામાં આવેલા માર્ક્સના આધારે વિદ્યાનું મૂલ્યાંકન થાય છે. હકીકતમાં જગતના બધા 'મોટા' માણસો-નેતાઓ, સંતો, ઉદ્યોગપતિઓ કે અન્યોએ ડિગ્રી પ્રાપ્ત કરેલી હોતી નથી. જાતે જ અનુભવથી વિદ્યા પ્રાપ્ત કરી સફળતા પ્રાપ્ત કરી હોય છે. મહાત્મા ગાંધી કૉલેજની દૃષ્ટિએ બહુ બાહોશ વિદ્યાર્થી ન હતા, પણ એમણે જિંદગીની કિતાબમાંથી આંતરસ્ફુરણા (Intusement)થી જે સંપન્ન કર્યું તે સમગ્ર જગત માટે રાહબર બની ગયું. ટૂંકમાં કહીએ તો હાલનું ઍજ્યુકેશન-ભણતર એટલે ગેલેલિયો, ન્યુટન, આઈન્સ્ટાઈન કે આર્યભટ્ટ જેવા અસંખ્ય ''અભણ'' (કોઈ પણ પ્રકારની ડિગ્રી વિનાના) માણસોએ શોધી કાઢેલાં કુદરતી રહસ્યોને સમજવાના પ્રયત્નોની ઘટમાળ!! પણ લોલમાં લોલ. આપણે તો બધાની સાથે ચાલવું જ પડે. દરેક વિદ્યાર્થીઓ સારા માર્ક્સથી પાસ થાય તેવી શુભેચ્છા! સારા માર્ક્સ આવે એટલે Higher Education માટે દોટ

મૂકવાના Highway પર પગરણ કરવાની Entry Ticket. એમાં જો કોઈ અડચણ આવે (અલબત્ત, આર્થિક બાબત) તો જેજેસી તો હાજર જ છે ને.

અમે તો અમારી વચનસિદ્ધિ પ્રમાણે દરેક સેન્ટરની મુલાકાત લઈ રહ્યા છીએ. નવાનવા સેન્ટર ખોલવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. કોઈ પણ સેન્ટર નબળું ન પડે અને પડે તો તેને ફરી વાર સક્રિય બનાવવા કામે લાગી ગયા છીએ અને તેમાં અમારા સાથીઓનો ખૂબ જ સહકાર મળી રહ્યો છે તેનો અમને સંતોષ છે. આપણા જૈન સમાજે ખૂબ જ સંઘર્ષ કરીને આપણું Existence જાળવી રાખ્યું છે અને જગતના બધા ધર્મોમાં લઘુમતીમાં હોવા છતાં ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આંતરરાષ્ટ્રીય સર્વેના આંકડા જ બતાવે છે કે જૈનો Total Wellness Indexમાં સૌથી આગળના ક્રમે છે અને તેનું કારણ આપણા તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીએ પ્રરૂપેલા સિદ્ધાંતોના પથ પર ચાલી રહ્યા છીએ. તેમાં પહેલેથી જ બહારનાં પરિબળોએ હલ્લો કર્યો છે. આંતરિક પરિબળોએ પણ મુકરર રાહથી ફંટાઈ જઈએ તેવો ભાગ ભજવ્યો છે, પણ દરેક કસોટીમાંથી ધીરજ ધરી, ડહાપણ વાપરી આપણે સાંગોપાંગ પાર ઊતરવામાં સફળ રહ્યા જ છીએ. ભગવાન મહાવીરે જાણે Time Machineમાં વિહાર કરી ''ભવિષ્ય''માં યાત્રા કરી આવ્યા હોય તેમ ભવિષ્યમાં આવનારી માનવસહજ વિટંબણાઓ સામે ઝઝૂમવા ઉચિત માર્ગદર્શન આપ્યું જ છે. તેમણે બતાવેલા રાહ પ્રમાણે ચાલીએ તો જગતનો કોઈ જ જીવ તકલીફમાં ન આવે!

આપણે જૈનો ભારતમાં ખૂબ જ નાની લઘુમતીમાં છીએ, પરંતુ કુદરતે બક્ષેલી બુદ્ધિ અને પુરુષાર્થથી એક સબળ જાતી તરીકે ઊભરી આવેલા છીએ. તેવી જ રીતે દુનિયાની અલ્પસંખ્યક લઘુમતી યહૂદી કોમના પરિચયમાં આવવાનો મોકો પ્રાપ્ત થયો.

તા. ૨૭ માર્ચ ૨૦૧૨ના દિવસે વૉશિંગ્ટનમાં Capitol Hill (White House) ખાતે જગતની બે મહાન લઘુમતી કોમની અગ્રગણ્ય સંસ્થા JAINA (The Federation of Jain Associations in North America) અને AJC (American Jewish Committee)ની મિટિંગ/સેમિનારનું આયોજન થયું, જેમાં ભાગ લેવા માટે જૈન જાગૃતિ સેન્ટર (JJC)ને આમંત્રણ આપવામાં આવ્યું.

તે સમયે આપણા જેજેસીનું પ્રતિનિધિત્વ કરવા શ્રી રમેશભાઈ મોરબિયા, શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી અને શ્રી પ્રફુલ્લભાઈ કામદાર અમેરિકા ગયા હતા. ગૌરવ સાથે ઉલ્લેખ કરવો પડે કે ''જૈન જાગૃતિ સેન્ટર''ને હવે જૈનોની એક અગ્રગણ્ય સંસ્થા (Umbrella Organisation) તરીકે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ ગઈ છે.

વસતિ ગણતરી પહેલાં આપણે દરેક જૈનને સૂચન કરીએ છીએ કે જ્ઞાતિના ખાનામાં 'જૈન' લખો. ઘણા હજી હિન્દુ-જૈન લખે છે તેથી ગેરસમજ થાય છે. આપણે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. આપણી સંસ્કૃતિ સાવ જ વિલીન થઈ જાય તે પહેલાં જાગી જવાની જરૂર છે. એ માટે દેરાસર-ઉપાશ્રય-ટ્રસ્ટ-સંઘ-મહાસંઘ વગેરેને હું વિનંતી કરું છું કે સવેળા જાગી જઈને આત્મમંથન કરીએ અને જરૂરી સુધારા કરીએ અથવા તો નુકસાનપ્રેરક સુધારાથી પીછેહઠ કરીએ.

આવી કૉન્ફરન્સથી ઘણું શીખવાનું મળ્યું.

હાલમાં તો ઍજ્યુકેશન અભિયાનની નવી સિઝન ચાલુ થાય છે. પ્રતિસાદ 'અપેક્ષા સે અધિક' આવી રહ્યો છે.

હોજને દૂધથી ભરવા ભલે શ્રેષ્ઠીઓ બાલદીઓ ભરી ભરીને દૂધ ઠાલવી જાય, પણ પરિવારના એક પણ અદના સભ્યના ટબૂડી દૂધથી વંચિત ન રહેવો જોઈએ. કારણ આ એક ઉત્તમ કાર્ય મહાયજ્ઞ છે. તેના પુણ્ય ફળથી આપણે કોઈ જ વંચિત ન રહેવા જોઈએ. ભવિષ્યમાં ચોક્કસ આપણને ગર્વ થશે કે આ મહાયજ્ઞમાં આપણે પણ આહુતિ આપેલી છે.!!

Higher Education Financial Assistanceના Form On line ઉપલબ્ધ છે. (www.jainjagruti.com)

છેલ્લે અમારે તો અમારા પરિવારને એક જ વાત કરવી છે કે આ મુખપત્ર આપનું છે. આપના સાથ-સહકાર અને સહયોગથી જ એ વિકાસ કરવાનું છે. આ જાગૃતિ સંદેશમાં આપ સૌ આપના પરિચિતોની, આપના મિત્રોની થોડી જાહેરખબર લાવી આપી આર્થિક રીતે સહાયભૂત થવા પ્રયાસ કરશો તો આપણું આ 'જાગૃતિ સંદેશ' આકાશને આંબવામાં જરૂર સફળતા પ્રાપ્ત કરશે જ.

*લિ. સંજય બી. શાહ*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | ૧૭-૩-૧૬ | 'NO EXIT' - નાટક | ◈ |
| | ૩૦-૩-૧૬ | 'હવે મલકાશે જિંદગી' - નાટક | ◈ |
| • અંકલેશ્વર | ૨૭-૩-૧૬ | 'હાસ્ય દરબાર' - | ★ |
| • બોરીવલી | ૦૩-૩-૧૬ | 'ધ વેઈટિંગ રૂમ' - નાટક | ✦ |
| • ભાવનગર | ૧૨-૩-૧૬ | 'મનગમતાં સુરીલાં ગીત-સંગીત' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | ૨૪-૩-૧૬ | 'ધુળેટી' - | ★ |
| • ભાંડુપ-વિક્રોલી | ૧૮-૩-૧૬ | 'હાફ ટિકિટ' - નાટક | ◈ |
| • ચેમ્બુર | ૨૪-૩-૧૬ | 'સંગીતોત્સવ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| • દાદર | ૧૩-૩-૧૬ | 'આપણું તો બધ્ધું ગોલમાલ છે ?' – નાટક | ◈ |
| • દહિસર | ૨૫-૩-૧૬ | 'એક Selfie સજોડે' - નાટક | ◈ |
| • એલિઝ બ્રિજ | ૧૨-૩-૧૬ | 'તીર્થયાત્રા' - પ્રવાસ | ★ |
| | ૨૩-૩-૧૬ | 'કપૂર ઍન્ડ સન્સ' - ફિલ્મ | ◈ |
| | ૨૭-૩-૧૬ | 'આપ કી ફરમાઈશ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| • ગોંડલ | ૨૪-૩-૧૬ | 'ધુળેટી' - રંગોત્સવ | ★ |
| • કલાનગરી વડોદરા | ૨૦-૩-૧૬ | 'Full Day Outing Picnic' - પ્રવાસ | ★ |
| • કર્ણાવતી | ૨૧-૨-૧૬ | 'વેઈટિંગ રૂમ' - નાટક | ◈ |
| | ૨૨-૨-૧૬ | 'ચાંદો ઊગ્યો ચોકમાં' - લોકડાયરો | ◈ |
| • લેડીઝ વિંગ અમદાવાદ | ૦૫-૩-૧૬ | 'મ્યુઝિકલ નાઈટ શો' - ઑર્કેસ્ટ્રા | ★ |
| | ૧૭-૩-૧૬ | 'સ્નેહમિલન' - | ★ |
| • લેડીઝ વિંગ માંડવી | ૨૫-૩-૧૬ | 'ગેટ ટુ ગેધર' - હાઉઝી ગૅમ શો | ★ |
| • જુહુ બીચ | ૨૭-૩-૧૬ | 'હાફ ટિકિટ' – નાટક | ◈ |
| | ૩૦-૩-૧૬ | 'અનુ કપૂર પ્રસ્તુત સફર એક સુહાના' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| • જુહુ | ૩૦-૩-૧૬ | 'કપૂર ઍન્ડ સન્સ' - ફિલ્મ | ◈ |
| • કાંદિવલી | ૦૧-૩-૧૬ | 'NO EXIT' - નાટક | ◈ |
| • લેડીઝ વિંગ મુંબઈ | —— | 'એક વેરાયટી મ્યુઝિકલ શો' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| • મુંબઈ | ૨૭-૩-૧૬ | 'જિંદગી ના મિલેગી દોબારા' – નાટક | ★ |
| • મુલુંડ | ૨૧-૩-૧૬ | 'શત્રુંજય તીર્થયાત્રા' – ભાવયાત્રા | ★ |
| | ૨૩-૩-૧૬ | 'નો ઍક્ઝિટ' – નાટક | ◈ |
| | ૨૪-૩-૧૬ | 'હોલી મિલન' – રંગોત્સવ | ★ |

| | | | |
|---|---|---|---|
| ● નૉર્થ ઈસ્ટ | : ૧૦-૩-૧૬ | 'હાફ ટિકિટ' - નાટક | ◈ |
| ● નૉર્થ વેસ્ટ | : ૦૯-૩-૧૬ | 'એક વેરાયટી મ્યુઝિકલ' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૧૪-૩-૧૬ | 'હાફ ટિકિટ' - નાટક | ◈ |
| ● નવી મુંબઈ | : ૨૪-૩-૧૬ | 'ધુળેટી' - રંગોત્સવ | ★ |
| | : —— | 'નવું નાટક' - નાટક | ◈ |
| ● રૉયલ જગડુશા | : ૦૯-૩-૧૬ | 'હાફ ટિકિટ' - નાટક | ◈ |
| | : ૩૧-૩-૧૬ | 'ગુજરાતી ગીતો (મનીષ જોશી)' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● સાયન-માટુંગા | : ૧૭-૩-૧૬ | 'ભરી લઉં આંખમાં જિંદગી' - નાટક | ◈ |
| ● વસઈ | : ૨૪-૩-૧૬ | 'ધુળેટી' - રંગોત્સવ | ★ |
| ● વાપી | : ૧૩-૨-૧૬ | 'NO EXIT' - નાટક | ◈ |
| | : ૧૨-૩-૧૬ | 'મ્યુઝિકલ ઑર્કેસ્ટ્રા (મનીષ જોશી)' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● વિલે પાર્લે | : ૦૮-૩-૧૬ | 'મરીઝ શતાબ્દી - શ્રી શોભિની દેસાઈ' - મુશાયરો | ◈ |
| | : ૧૩-૩-૧૬ | 'Singing Competition અભિમાન' - | ◈ |
| | : ૧૮-૩-૧૬ | 'આનંદઘન ઘન સંગીતનો કાર્યક્રમ' - મ્યુઝિકલ શો | ◈ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦


# JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road, Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

## રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઇલ આઇડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા**

૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા

૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથીશનિવાર

૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ - ભરવાની રહેશે.

CONTACT :

Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરોના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## MAY CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Ladies Wing Jamnagar | 10-05-2009 | Chetna Mehta | 9824419633 | Seema Shah | 9428671301 |
| 2 | Juhu | 12-05-1988 | Bhupendra Mehta | 9821042538 | Kishor Sheth | 9869870333 |
| 3 | Gondal | 22-05-2005 | Sanjay Mehta | 9228140608 | Sanjay Mehta | 9228140608 |
| 4 | Upleta | 22-05-2005 | Ashok Sheth | 9825221831 | Nikhil Shah | 9428273876 |
| 5 | Amalner | 30-05-1992 | Bipin Kothari | 9405794703 | Sunil Sheth | 9422278337 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Date of Birth | Marriage Date | Mobile No. | Email ID |
|---|---|---|---|---|---|
| 1 | Sanjay B. Shah | 08-05-1953 | | 9821050169 | sanb.shah@gmail.com |
| 2 | Ramesh J. Morbia | 03-05-1954 | 18-05-1975 | 9323925420 | jjc_northeast@yahoo.com |
| 3 | Kishor S. Sheth | | 26-05-1983 | 9889870333 | kishor.anco@gmail.com |
| 4 | Vijay H. Mehta | | 29-05-1985 | 9826897956 | mehtavijaybhai1@gmail.com |
| 5 | Ramesh M. Sanghvi | | 30-05-1970 | 9321323222 | sanghvi.ramesh9@gmail.com |
| 6 | Rajesh R. Bhansali | | 31-05-1975 | 9820045847 | saumildiamond@sify.com |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

| Sr. No. | Name | Marriage Date | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Jitendra S. Kothari | 31-05-1983 | 9821012321 | jitukothari@gmail.com |
| 2 | Kishor N. Shah | 10-05-1961 | 9323368038 | nandkishor91@yahoo.co.in |

# ''જગતમાં જીતવા કરતાં જગતમાં જીવવું વધારે અગત્યનું છે''

■ કિરણ શાહ (Past Chairman)

જિંદગી સરસ છે, પણ સરળ નથી. જીવન એક પરીક્ષા છે. જીવન છે તો પ્રશ્નો છે. આપણું જીવન વિકસાવવા અને ટકાવવા વ્યવસ્થા હોય છે, પણ વ્યવસ્થા ખાતર આપણું જીવન નથી હોતું. આપણે જીવનની બધી જ સ્થૂળ ઘટનાઓથી પર થઈ જીવવાનું છે. મનુષ્યઅવતાર સ્વયં એક ઘટના છે. આપણે મનુષ્ય ન હોત તો આપણા આયુષ્યને કોઈ બીજી યોનિમાં આકાર મળ્યો હોત. આપણે જન્મથી માંડીને જીવીએ ત્યાં સુધી જેને આયુષ્ય કહીએ છીએ એ શાશ્વત કાળે આપણા માટે ફાળવેલો સમય છે. ક્યાં, કેમ જન્મવું એ આપણા હાથની વાત નથી, પણ એકવાર જન્મ્યા પછી કઈ રીતે જીવવું અને જગતને સત્કાર્યોરૂપે શણગારવું એ આપણા સંકલ્પ અને અધિકારની વાત છે. જીવનને અર્થપૂર્ણ બનાવવું જરૂરી છે. અર્થપૂર્ણતા એટલે જીવવાનું મન થાય એવી પરિસ્થિતિમાં જીવનનો આનંદ મેળવવો. કવિએ કહ્યું છે કે...

*''ઉકેલે છે ઘણા મહેનત કરીને અઘરી સમસ્યાઓ*
*ઘણા જોતા રહે છે જિંદગીભર હસ્તરેખાઓ''*

ઘણી વાર આપણે જીવન જીવતા શીખીએ તે પહેલાં મરી જઈએ છીએ. જીવનનો સૌથી વધુ સદુપયોગ કેમ થઈ શકે એ માણસ શીખી રહે તેટલા સમયમાં તો જીવનનો ઘણોખરો સમય વીતી ગયો હોય છે. માણસનો સમય પર અને જીવન પર ક્યારેય કાબૂ હોતો નથી.

જીવનમાં આપણે દોષદર્શી નહીં, પણ ગુણદર્શી બનવાનું છે, કારણકે આપણી મર્યાદાઓ માટે માતાને દોષ દઈને છૂટી જવાની ટેવ સદીઓથી ચાલી આવે છે. જીવન જટિલ નથી, પણ આપણે તેને જટિલ બનાવી દઈએ છીએ. જિંદગી એ બસ જીવન શોધવા માટેની લંબાતી પ્રતીક્ષા છે. જીવન એક ઉત્તમ ગ્રંથ છે, પણ જે વાંચી ન શકે તેને માટે સાવ નિરર્થક છે. લાંબું જીવવું હોય તો ધીરે જીવવું જોઈએ. આપણે એવા ઘણા લોકોને જાણીએ છીએ જેઓ કૅરમની કૂકરીની જેમ આખું જીવન દોડાદોડી કરે છે. તેઓને ખબર નથી કે તમે ગમે તે જીવન પસંદ કરો, તેની કિંમત તો તમારે ચૂકવવી જ પડે છે. પૂરી માત્રામાં જીવવું એ મૃત્યુથી બચવાનો સર્વોત્તમ ઉપાય છે, કારણકે મરણ પણ પ્રત્યેક પળ સાથે સમાધાન કરે છે ત્યારે તો આપણે જીવીએ છીએ.

જીવનમાં સુખી તેઓ છે જે સ્વપ્ના સેવે છે અને તે સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર છે. જોકે, માણસનાં શમણાં પર માણસનો કાબૂ હોતો નથી, પણ એક વાત નક્કી છે કે જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે. જે સમયની ઈજ્જત કરે છે તે જીવનની ઈજ્જત કરે છે. સમય વેડફી નાખવો એ એક પ્રકારની આત્મહત્યા છે. કેટલાક લોકો Time Tableની બહાર જીવતા જ નથી. આપણે સમજવું પડશે જેટલું રૂટિન કમી તેટલું જીવન વિશેષ. જીવનમાં સુખ અને સંતોષની વ્યાખ્યા સહુની અલગઅલગ હોય છે. માણસ વધારે અપેક્ષા રાખે છે તેથી દુઃખી થાય છે કે અપેક્ષા મુજબ નથી થતું ત્યારે દુઃખી થાય છે!! દુઃખનો ખરો સંબંધ તો અપેક્ષાઓ પૂરી થાય તેમાં પડેલી અને નડેલી અડચણો સાથે છે.

દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે. પ્રત્યેક દિવસને વધાવનારા અને પ્રત્યેક દિવસને વધેરનારા. આપણે પ્રત્યેક દિવસને વધાવનારા માણસ બનવાનું છે. એ માટે આપણે આપણા હૃદયને નફરતથી મુક્ત કરવાનું છે. જીવનની મસ્તીને મહોબ્બત કરવાની ટેવ પડે ત્યારે અડધા રોગ શરીરમાં પ્રવેશ કરવાની હિંમત જ નથી કરતા. આપણે જાણવું જરૂરી છે કે જીવનનાં ત્રણ પરમતત્ત્વો છેઃ પ્રેમ, ધર્મ અને જ્ઞાન અને તે સાથે જીવનમાં નૈતિકતા પણ આવશ્યક છે. નૈતિકતા માટે સહિષ્ણુ મન જરૂરી છે. તકલીફ એ છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાના વિચારને ખરો માને છે અને પોતાના આગ્રહને હઠાગ્રહમાં ફેરવે છે.

આપણે "Human Being" અને "Being Human"નો ફરક સમજવાનો છે - માણસ હોવું એ એક વાત છે અને માણસ થવું એ બીજી વાત છે. તમે બાહ્ય ટાપટીપ ગમે તેટલી કરો, પણ જ્યાં સુધી ભીતરનું સૌંદર્ય અકબંધ ન હોય ત્યાં સુધી બધું જ નકામું અને એટલા માટે જ **Simplicity is the ultimate form of sophistication. A good life is a healthy mix of home and work**

and friends and fun. In life I would rather live with disappointment than regret. જે માણસ સો ટકા ડાહ્યો હોય તે જ દુઃખી જીવન ગાળે છે. જીવનમાં આપણે કોઈકને પરિસ્થિતિ સમજાવી શકીએ, પણ પછી શું કરવું એનો ફોડ નથી પાડી શકતા. પરિસ્થિતિ જાણ્યા પછી કેમ વર્તવું એ વ્યક્તિની મુનસફી પર હોય છે અને છેવટે તો બધો જ આધાર વ્યક્તિની વિવેકશક્તિ પર હોય છે. જીવનનું એક અંતિમ છે સ્વાભિમાન અને ખુમારી, તો બીજો અંતિમ છે માનહાનિ અને અવહેલના. સામાન્ય માનવીને સતત પજવતું હોય છે - ''લોકો શું કહેશે'' - ત્યારે ફિલ્મ ગીતની બે પંક્તિ યાદ રાખવીઃ ''કુછ તો લોગ કહેંગે... અને ''અચ્છોં કો બૂરા સાબિત કરના દુનિયા કી પુરાની આદત હૈ''. તમે સાચા છો એવી ખાતરી તમને હોય તો દુનિયા શું વિચારે છે તેની ચિંતા કરવાની જરૂર નથી. તમારે એટલું જ ધ્યાન રાખવાનું કે જો પરિસ્થિતિ સારી હોય તો ''ગ્રેટફૂલ'' રહેવું અને પરિસ્થિતિ ખરાબ હોય તો ''ગ્રેસફૂલ'' રહેવું. દરેક માણસે પોતાની જિંદગીની લડાઈ પોતે જ લડવાની હોય છે, પણ ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે કોઈ પણ લડાઈ અંતિમ હોતી નથી. તમારે જીવન જીવવાનું છે... ''દિલને હમ સે જો કહા હમને વૈસા હી કિયા''ની જેમ, આજ ''જીને કી તમન્ના હૈ''ની જેમ અને ''ચલતે ચલતે યુ હી કોઈ મિલ ગયા થા'' જેવું જીવન જીવવાનું છે. આજે જ નક્કી કરો કે ઈન લાઈફ "I will celebrate life not money", and until further notice "I will celebrate everything".

*આપણે પોતાનું જીવન ધન્ય થઈને જીવીએ!!*
*શાને માટે આપણે કોઈ અન્ય થઈને જીવીએ!!*

...અને અંતમાં સ્વિચ ઑન કરવા સદાય તત્પર એવા આદમીને સ્વિચ ઑફ કરવાની સમજ પડે અને સમય આવતા સમેટતા આવડે - એમાંથી મુક્ત થતાં આવડે એ ખરો માનવી અને એ ખરી જિંદગી.

Dedicated to
Few Sentimental Friends:
''જિંદગી યુ ભી ગુજર હી જાતી
ક્યોં તેરા રાહગુજર યાદ આયા.''
જીવન આમ પણ વીતી જાત, પણ આ તારો રસ્તો મને ક્યાંથી યાદ આવ્યો''.

# મીઠો લાગે મને નિંદા કેરો રસ

■ ધીરુભાઈ મીરાણી - ઘાટકોપર

ગુજરાત સરકારે લૅન્ડ લાઈન ફોન ધરાવનારાઓને ખૂબ સુંદર સુવિધા કરી આપી છે. નજીવો ચાર્જ વધારાનો ભરો અને આખા ગુજરાતમાં એક છેડેથી બીજા છેડે ફાવે ત્યાં વાત કરો અને ફાવે તેટલી વાર વાત કરો. ફોન કૉલનો કોઈ ચાર્જ નહીં. આ સુવિધાનો વધારેમાં વધારે લાભ ગુજરાતની બહેનો લે છે.

હમણાં એક ભાઈના ઘરે બેઠો હતો. તેમનાં પત્ની ગુજરાતના કોઈ ખૂણામાં વસતાં પોતાનાં સંબંધી બહેન સાથે લાંબી વાતો કરતાં હતાં. માનવીનો સ્વભાવ છે કોઈની પ્રસંશા તો થઈ શકે જ નહીં, કદાચ કરવી પડે તોપણ ત્રણ-ચાર વાક્યમાં પતી જાય, પરંતુ કોઈની નિંદા કરવી હોય તો કલાકોના કલાકો ઓછા પડે. આ બે બહેનોએ પણ અર્ધોપોણો કલાક તેમના જ કોઈ સંબંધી બાબતે ખૂબ લાંબીચોડી વાતો કરી અને છેલ્લે સમાપન કરતી વખતે કહે, ''મરવા દે ને, આપણને શું? તેની નિંદા કરીને આપણે શા માટે આપણી જીભ બગાડવી. નકામા આપણાં કરમ બંધાય.''

હું વિચારમાં પડી ગયો, અત્યાર સુધી જે વાતો કરી તે શું ભગવદ્ગીતા કે ભાગવત બાબતે ચર્ચા-વિચારણા કરતાં હતાં? પ્રેમપૂર્વક નિંદાનો મધુર રસ માણ્યા પછી છેલ્લે તો બધાને પોતાની જાતને સરસ દેખાડવી છે.

એક મોટી સોસાયટીમાં સાંજ પડે બધાં સિનિયર ભાઈ-બહેનો પોતપોતાનું ગ્રુપ જમાવીને એકઠાં થાય અને બે કલાક સતત કલબલાટ ચાલુ હોય. એક વખત મારી પુત્રીને મળવા ત્યાંથી પસાર થયો તો વાતાવરણ એકદમ શાંત હતું, કોઈ શોરબકોર નહીં. મને મનમાં ફાળ પડી, આટલી બધી શાંતિ કેમ છે? કંઈ અઘટિત તો નથી થયું ...? તેમના ગ્રુપમાં બેઠેલાં મારા ઓળખીતાં બહેનને સાઈડમાં બોલાવીને પૂછ્યું, ''કંઈ ખરાબ થયું છે? કંઈ તકલીફ ઊભી થઈ છે? આજે કેમ પીનડ્રોપ સાયલન્સ છે?'' પેલાં બહેન કહે, ''ના, ના. તકલીફ જેવું કંઈ નથી, પણ આજે બધાં જ મેમ્બર હાજર છે, તો આજે વાતો કોના વિશે કરીએ?'' મને મગજમાં પ્રકાશ થયો. દરરોજ જે ગેરહાજર હોય તે વ્યક્તિની ભરપૂર રસપૂર્વક નિંદા થતી હશે, આજે બધાં જ હાજર છે,

તો વાત કરવાનો ટૉપિક જ નથી.

આપણી આસપાસ નજર કરશું તો બધે જ આ રમત ચાલી રહી છે. મંદિરોમાં, દેરાસરોમાં, કોઇ પણ સમારંભમાં કે પછી પ્રાર્થનાસભામાં પણ સતત કોઇ ને કોઇની કુથલી-નિંદા ખૂબ રસપૂર્વક થતી જ રહે છે. પોતાને સારા કહેવડાવવાની હોડમાં બીજી વ્યક્તિને નીચી દેખાડવાના સભાનપણે પ્રયત્નો થતા હોય છે. પોતાની જિંદગીની લાઇન લાંબી કરવા માટે પુરુષાર્થ કરવો પડે અને તેવી શક્તિ નથી, મનમાં તેવો ઉમંગ પણ નથી, તો પછી સહેલો રસ્તો છે આપણાથી આગળ વધી ગયા છે, જીવનમાં કોઇક ઊંચાઇએ પહોંચ્યા છે, તેની નબળાઇ શોધી કાઢો અને તેના વિશે ઘસાતું બોલીને આસપાસના ઓળખીતા પરિવારજનોમાં એની નબળાઇને ઉજાગર કરો, ઊંચાઇએ પહોંચેલા મનુષ્યને નીચો દેખાડો, તેના જીવતરની લાઇન નાની દેખાડો એટલે કુદરતી આપણી લાઇન મોટી દેખાશે.

શાસ્ત્રોએ ખાટા, તૂરા, કડવા, મધુર એવા છ રસોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે, પરંતુ નિંદારસ બધા રસ કરતાં મધુર લાગે છે, તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરાયું નથી, છતાં બધાને નિંદારસ ખૂબ જ મધુર લાગે છે.

જીભ અને કાન વચ્ચે આ એક ખૂબ મોટો તફાવત છે. બંનેને મીઠાશ વહાલી લાગે છે, છતાં જીભ વધારેપડતી મીઠાશ ખાઇ શકતી નથી, ડાયાબિટીસ થઇ જાય, ક્યારેક મોઢું ભાંગી જાય. તે જ પ્રમાણે જીભ વધારે મીઠાશભર્યા શબ્દો બોલી પણ નથી શકતી. આત્મપ્રશંસા વહાલી લાગે, પણ અન્યની પ્રશંસા થઇ શકતી નથી. પણ કાનમાં ચોવીસ કલાક તમારા મનને મીઠા લાગતા શબ્દો વહાવ્યા કરો, કાન ક્યારેય પણ ધરાશે નહીં. નિંદારસ જેવો મીઠો રસ તો તેને ખૂબ જ મધુરતમ લાગશે. કાનની આ નબળાઇ માણસને અધોગતિ અને અહંકારમાં ધકેલી દે છે. જીભની મીઠાશથી થતા ડાયાબિટીસને આહાર-વિહાર અને ગોળીઓથી કાબૂમાં રાખી શકાય, પણ કાનની મીઠાશથી થતા અહંકાર અને અધોગતિના ડાયાબિટીસની કોઇ દવા હજી સુધી શોધાઇ નથી.

જીવનમાં આધ્યાત્મિક ઉન્નતિ કરવી હોય તો કાનને મીઠાશથી દૂર રાખજો. ખુશામતના મીઠા શબ્દો અને નિંદારસના મધુરરસના શ્રવણથી દૂર રહીશું તો ઊર્ધ્વગમન થાય કે નહીં, પણ અધઃપતનથી જરૂર બચી જવાશે.

થોડા વખત પહેલાં મુંબઇ સમાચારની ધર્મ તેજ પૂર્તિમાં પૂ. મોરારીબાપુનો લેખ વાંચ્યો. તેમાં રામાયણની છણાવટ સાથે ચાણક્ય નીતિનો ઉલ્લેખ કર્યો છે.

**आत्मद्वेषात् भवेन मृत्युः परद्वेषात् धनक्षयः।**
**राष्ट्रद्वेषात् भवेन नाशो ब्रह्मद्वेषात् कुलक्षयः।।**

પોતાની જાતનો દ્વેષ કરનારા, આત્મગ્લાનિથી પીડાતા આપઘાત કરવા પ્રત્યે પ્રેરાય છે. પર દ્વેષ કરવાથી ધનનો ક્ષય થાય છે. બીજાનો સતત દ્વેષ કરવાથી પોતાની અંદરનું મનોબળ કમજોર થાય છે, પોતાનો આત્મા સતત ડંખ્યા કરે છે, મનોબળ કમજોર થાય એટલે પ્રવૃત્તિ કરતી વખતે અથવા પરિવાર કે સમાજ સંબંધી કાર્ય કરતી વખતે સાચા નિર્ણયો ન લઇ શકાય. ખોટા નિર્ણયના કારણે જે કાર્ય કરવા ધાર્યું હોય તેના પરિણામમાં ખોટ આવે. મોટા ભાગે સમાનધર્મીઓ અથવા પરિવારના નજીકના સભ્યો એકબીજાનો દ્વેષ કરતા હોય છે. એક કલાકાર બીજા કલાકારની ખામી શોધે, એક કથાકાર બીજા કથાકારની ટીકા કરે, એક વિદ્વાન બીજા વિદ્વાનનો દ્વેષ કરે, પરિવારમાં પણ એક વ્યક્તિ પોતાનાથી હોશિયાર વ્યક્તિનો દ્વેષ કરે તેના કારણે તેમનું સતત પતન થાય છે અને જીવનમાં ખોટનો ધંધો થાય છે. આમ દરેક ક્ષેત્રે દ્વેષના કારણે પતન થાય છે. ગુણ સાંભળવા ન ગમે, પણ નિંદા સાંભળવી ગમે, તો સમજવું આપણે દ્વેષનો ડ્રેસ પહેર્યો છે.

સંસારનો ત્યાગ કરનાર સાધુઓ પણ આ ક્ષેત્રમાં બાકાત નથી. સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રખર સંત શ્રી નિષ્કુળાનંદજીએ એક પદ લખ્યું છે...

**ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કરીએ કોટી ઉપાય જી**
**અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરીને ત્યજાયજી**
**વેશ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂર જી**
**ઉપર વેશ આછો બન્યો, માંહી મોહ ભરપૂરજી**

વૈરાગ્યનો વેશ પહેર્યો, પણ અંતરમાંથી રાગદ્વેષ ઓછા થયા નથી. હરેક કુંભમેળા વખતે કયા અખાડાના સાધુ પહેલા સ્નાન કરે તે બાબતે સામસામે ખાંડા ખખડાવાય છે. આ વખતના નાશિકના કુંભમેળામાં તો કેટલાંક સાધુ અને સાધ્વીઓએ એકબીજાં માટે જે ટીકા કરી તેનાથી તેમના પ્રત્યેનો પૂજ્યભાવ હલી જાય તેવું વાતાવરણ સર્જાયું.

આપણે બધા ભૂતકાળને ભૂલી શકતા નથી અને ભવિષ્યની ચિંતા કર્યા વગર રહી શકતા નથી, પરિણામે વર્તમાનની પળને માણી શકતા નથી અને બીજા પાસે છે તે પામવા તલસ્યા કરીએ છીએ, પરિણામે દ્વેષભાવ અને નિંદાનો જન્મ થાય છે.

ફક્ત બે જ શબ્દો યાદ રાખીએ Accept and surrender. પરિસ્થિતિનો સ્વીકાર અને પરમતત્ત્વની શરણાગતિ - તો બધી જ સ્થિતિમાં સરળ રહી શકાય.

# ગોચરી – એક સમસ્યા : નિરાકરણ કોણ કરશે ?

■ હરીશ મહેતા

સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા એમ ચાર વર્ગનો જૈન સંઘ બનેલો છે. જૈન સંઘને જૈન ધર્મમાં ૨૫મા તીર્થંકરનું સ્થાન મળેલું છે, અર્થાત્ તેની મહત્તા શાસ્ત્રોમાં પણ ખૂબ જ સુપેરે સમજાવેલ છે. ઉપરોક્ત ચારેય વર્ગોમાં સાધુ અને સાધ્વીનું મહત્ત્વ સમગ્ર વિશ્વમાં પંકાયેલું છે, કારણ તેઓ પાંચ મહાવ્રતધારીઓ છે. વિશેષ કરીને તેઓ પગયાત્રા દ્વારા વિહાર કરે છે અને તેમને ગોચરી મેળવીને ક્ષુધાપૂર્તિ કરવાની વ્યવસ્થા વિશ્વના તમામ ધર્મોમાં અનોખી છે.

ગોચરી શબ્દ તેના અર્થ, તેની વ્યવસ્થા વિશે જૈન શાસ્ત્રોમાં વિસ્તૃત વિગતો આપેલ છે. આમ છતાંય શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયના સાધુઓ અલગ અલગ રીતે ગોચરી ગ્રહણ કરે છે. સાધુ જૈન અથવા સંજોગોવશાત જૈનેતર પરિવારને ત્યાંથી ગોચરી માટેની વિનંતી આવે ત્યારે તેમને ત્યાં જઈને સૂઝતો આહાર ગ્રહણ કરીને 'ધર્મલાભ' આપે છે. આ આહાર ગ્રહણ અથવા સ્વીકારવાની પણ ઘણી મોટી આચારસંહિતા છે, પણ અત્રે આજના વિષમ કાળમાં સાધુ-સાધ્વીજીઓને પડતી ગોચરી માટેની સમસ્યા વિશે વાત કરવી છે.

મહાનગરો અથવા નાનાં નગરોના મોટા ઉપાશ્રયોમાં સાધુ-સાધ્વીજીનો મુકામ હોય તો દર્શનાર્થે આવતા ભાવિકોની ભીડ મોટી હોય છે અને તેથી જ તેમને ગોચરી માટે પધારવાની વિનંતીઓ પણ સંતોષકારક રીતે મળી રહેતી હોય છે, પણ ઘણા નાના ઉપાશ્રયોમાં બિરાજમાન સાધુ-સાધ્વીજીઓને ગોચરી માટેની સમસ્યાઓ ઘણી થાય છે, કારણ નાનાં ગામોમાં જૈન ઘરો ઓછાં હોય છે. તેમની ભાવનાઓ ઉચ્ચ હોવા છતાંય વધતી મોંઘવારી અને ઓછી આવકને કારણે તેઓ પોતાના પરિવારની સાથે બિરાજમાન સાધુ-સાધ્વી માટે ગોચરીની વ્યવસ્થા સંતોષકારક રીતે નથી કરી શકતા. મોટાં શહેરોમાં સંપન્ન પરિવારો મોટાં ઊંચાં મકાનોમાં રહેતા હોય છે તેથી પાંચમા માળથી ઉપર ગોચરી માટે જવું અનુકૂળ રહેતું નથી. અગાઉ એવી વ્યવસ્થા હતી કે સાંજનું દેવસિય પ્રતિક્રમણ પૂરું થાય પછી શ્રાવક અને શ્રાવિકા વર્ગ પૂજ્ય સાધુ-સાધ્વીભગવંતોની સુખશાતા પૂછીને સવારે નવકારશી પૂર્વે ગોચરી લેવા પધારવાની વિનંતી કરતા તેમ જ સવારે વ્યાખ્યાન બાદ પણ બપોર અને સાંજની ગોચરી લેવા માટેની વિનંતીઓ આવતી. મહાત્માઓ આ વિનંતીઓને યોગ્ય રીતે સ્વીકૃતિ આપતા. આજે આ પ્રથા લગભગ નષ્ટ પામી ગઈ છે.

સાંજના વાળુ વેળાઓનો સમય હવે મોડો થતો ગયો છે. મહાનગરોમાં સાંજના ચોવિહારના સમય પૂર્વે એકાદ કલાક પહેલાં સંપૂર્ણ રસોઈ તૈયાર કરીને સાધુ-સાધ્વીજીઓને ગોચરી માટેની વિનંતી કરવાવાળા પરિવારો ઘણા ઓછા છે તેમ જ રવિવારે સાંજના સમયે પણ સવેળાએ ગોચરી મેળવવાનું કામ થોડું કઠિન થતું ગયું છે.

સાધુ-સાધ્વીજીને પોતાના ઉપાશ્રયમાં પધારવાની વિનંતી કરવામાં આગળ રહેતા ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિના સભ્યો સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવામાં મોટે ભાગે ઊણાં ઊતરે છે. વધતી મોંઘવારીમાં કઠણ હૃદયે પોતાના પરિવારનો ખર્ચો કાઢતા પરિવારો ક્યારેક સાધુ-સાધ્વીજીને ગોચરી માટે વિનંતી કરતાં ખચકાતા હોય છે ત્યારે સાધુ-સાધ્વીજીને ગોચરી-પાણી માટે સમસ્યાઓ સર્જાય છે. ઘણાં સાધુ-સાધ્વીજીઓને તબિયતની પ્રતિકૂળતાને કારણે સંયમિત આહાર લેવાનો હોય છે. તેમને પણ સૂઝતો આહાર મળવો મુશ્કેલ થઈ પડે છે.

મોટાં નગરોના મોટા સંઘના ઉપાશ્રયોમાં હવે બારમાસી રસોડાં ચાલુ કર્યાં છે, જે બહારગામથી સાધુ-સાધ્વીજીનાં દર્શનાર્થે આવતા સાધર્મિક ભાઈઓ તેમ જ સાધુ-સાધ્વીજીની ગોચરીની વ્યવસ્થા માટેનું નિરાકરણ કાઢેલું છે. આ ઉપરાંત ઘણી જગ્યાએ જેટલાં સાધુ-સાધ્વીજી હાજર હોય તે મુજબ ટિફિનની વ્યવસ્થા કરી રાખવામાં આવે છે. તે વ્યવસ્થા મુજબ સાધુ-સાધ્વીજીની ઉપાશ્રયમાં આહાર વહોરવાની વ્યવસ્થા કરી દેવામાં આવે છે. જોકે, હજીય

ઘણા પરિવારો છે જે સવાર-સાંજ પોતાને ત્યાં ગુરુભગવંતોનાં પગલાં થાય તેવી ભાવના રાખતા હોય છે, પણ રોજ અમુક જ પરિવારોમાં ગોચરીએ જવું ઘણા મુનિભગવંતોને વાજબી નથી લાગતું.

તાજેતરમાં જ રાજકોટમાં એક સાધ્વીજી મહારાજનાં દર્શનાર્થે ગયેલ ત્યારે તેમણે વિસ્તૃતપણે આ સમસ્યા અંગે ચર્ચા કરેલ. 'દૂધના ભાવ ૪૫ રૂપિયે લિટર તથા શાકભાજી-તેલ અને અનાજના વધતા ભાવોને ધ્યાનમાં લઈએ તો કાળજું કંપી જાય છે. અમુક પરિવારો તરફથી લાગણીભરી વિનંતીઓ મળે છે તોપણ તેમની આર્થિક પરિસ્થિતિ જોતાં તેમને ત્યાં જઈ નથી શકાતું. સાધનસંપન્ન પરિવારો તરફથી મર્યાદિત વિનંતીઓ આવે છે. વિશેષ કરીને સાંજના સમયે સૂર્યાસ્ત પહેલાં રસોઈ કરી લેનારા પરિવારો ઘટતા જાય છે તેથી સમસ્યા વકરી છે.'

આપણાં જૈન મહામંડળો, કૉન્ફરન્સો તથા જૈન સંસ્થાઓના વહીવટદારોને આવી સમસ્યાઓના નિરાકરણમાં રસ ઓછો હોય છે, કારણ ત્યાં બીજી ખટપટો વધુ હોય છે, પણ આ રજૂઆતને કોઈ ટીકા કે નકારાત્મક સ્વરૂપે ન જોતાં વર્તમાન સમય અને સંજોગોને ધ્યાનમાં લઈને આ સમસ્યાનું કોઈ સરળ અને સુલભ નિરાકરણ લાવવામાં જૈન સંઘો પ્રવૃત્ત થશે તો સાધુ-સાધ્વીગણની વૈયાવચ્ચમાં મોટો ફાળો આપ્યો ગણાશે.

ગોચરી અને પાદવિહારની વ્યવસ્થાને કારણે જૈન ધર્મનાં સાધુ-સાધ્વીજીઓ જગપ્રસિદ્ધ થયાં છે તે બંને વ્યવસ્થાઓને સમય અને સંજોગોને કારણે સમસ્યાગ્રસ્ત થવું પડ્યું છે. સમસ્યા સમજીને તેનું નિરાકરણ લાવવું આપણી ફરજ જ નહીં ધર્મ પણ છે. આ સમસ્યા અંગે ખૂબ જ મર્યાદિત શબ્દોમાં સંયમપૂર્વક લખેલ છે, જેથી ધર્મની આશાતના ન થાય અને સાધુ-સાધ્વી સમુદાયની માન-મર્યાદા જળવાય.

# શ્રી મહાવીર જન્મ કલ્યાણક દીન

૨૬૦૪ વર્ષ પહેલાં થઈ ગયેલા આપણા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીએ દુનિયાને સુખી થવાના સનાતન અવિનાશી ઉપાયો બતાવી રાહ ચીંધ્યો છે. તેમણે સ્થાપેલી પરંપરાને લગતાં બધાં જ સાધનો આ દેશમાં છે, જૈનો પાસે છે અને તે દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી ઓછા-વત્તા પ્રમાણમાં વિખરાયેલા ધરાવે છે.

સ્થૂળ સાધનો ઉપરાંત સૂક્ષ્મ અને જીવંત સાધનો પણ જૈન પરંપરા ધરાવે છે. છતાં આજ સુધી આ બધાં સાધનોનો જૈન પરંપરાએ ખુલ્લી આંખે કશો ઉપયોગ એવો નથી કર્યો કે જે અત્યારની જિજ્ઞાસાને સંતોષે. સમકાલીન બુદ્ધ પરંપરામાં જૈન પરંપરા સાથે થોડાક જ મતભેદ હોવા છતાં સંઘર્ષમાં આવ્યા ત્યારે જૈનોની મહામૂલી હસ્તપ્રત અલગઅલગ જગ્યાએ જતા રહેલા જૈનો સાથે ગઈ.

અત્યારે જ્યાં જોઈએ ત્યાં સાધુશક્તિ વેરવિખેર થયેલી દેખાય છે. કોઈ મહાશક્તિ જો આને એકત્ર કરવાનું કામ ઉપાડી લે તો કદાચ મહાવીરવાણી જે વિજ્ઞાન અને જીવન ફિલોસોફીના મધ્યબિંદુ સુધી પહોંચેલી છે તેનો લાભ જગતને પણ મળે, પણ વો દિન કહાં? આપણે ભગવાન મહાવીરના પંથને માનીએ છીએ, પણ તેમણે ચીંધેલા પંથ પર ચાલતા નથી.

કરુણતા એ છે કે મુઠ્ઠીભર જૈનો છીએ, પણ આપણા પોતાના ભગવાનની બાબતમાં પણ એકરાગ નથી મેળવી શકતા.

દરેક વર્ષે બે મહાવીરજયંતી આવે છે. ત્રણ-ત્રણ પર્યુષણ આવે છે. તિથિઓમાં કાયમ ફરક આવે છે. ફિરકા ફિરકા વચ્ચે કે ગચ્છો વચ્ચે ધર્મઝનૂન વ્યાપેલું છે. આપણે બીજાને શું ઉપદેશ આપવાના? ફરી વાર ક્યારે પૂજ્ય હેમચંદ્રાચાર્ય જન્મ લે અને જૈનોને એક કરીને રાષ્ટ્ર, સમાજમાં ગૌરવ અપાવે?

મંગળવાર, તા. ૧૯-૪-૨૦૧૬ના રોજ જૈનોએ મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ ઊજવ્યો ત્યારે જૈન જાગૃતિ સેન્ટરનાં વિવિધ સેન્ટરો પણ તેમાં સહયોગી બન્યાં.

# સંજીવની વૃક્ષ ''સરગવો'' 'ગ્લોબલ-સુપર ફૂડ'

■ હિંમતલાલ શાંતિલાલ ગાંધી

માનવ-જીવન માટે 'આહાર' અત્યંત આવશ્યક છે. આપણે જે અંદર લઈએ છીએ તે આહાર. એટલે જીવન માટે ખોરાક, હવા તથા પાણી જરૂરી છે. તંદુરસ્તી તથા વૃદ્ધિ માટે આ ત્રણે વસ્તુ શુદ્ધ હોવી જરૂરી છે. પહેલાંના જમાનામાં હવા, પાણી તથા શાકભાજી, ફળો, અનાજ, કઠોળ વગેરે શુદ્ધ મળતાં હતાં એટલે બીમારીનાં પ્રકાર તથા પ્રમાણ તદ્દન ઓછાં હતાં અને લોકો તંદુરસ્ત જીવન જીવતા હતા.

શારીરિક વૃદ્ધિ અને તંદુરસ્તી માટે પોષક દ્રવ્યો-વિટામિન્સ, મીનરલ્સ, પ્રોટીન, કાર્બોહાયડ્રેટ્સ, એન્જાઈમ્સ વગેરેની આવશ્યકતા રહે છે. જો તે પૂરતા પ્રમાણમાં 'આહાર'માંથી મળી રહે તો શરીરની પ્રતિકાર શક્તિ `Immunity' પૂરતા પ્રમાણમાં જળવાતા અનેક રોગોથી બચી શકાતું.

આજે પ્રદૂષિત હવા, પ્રદૂષિત પાણી તથા કંટામિનેટેડ-ભેળસેળિયા અને કેમિકલયુક્ત અનાજ, કઠોળ, શાકભાજી તેમ જ ફળોના કારણે મળતા અપૂરતા પોષણના હિસાબે અસંખ્ય રોગોનો ફેલાવો થઈ રહ્યો છે. વિકસિત દેશો અને મલ્ટિનૅશનલ કંપનીઓ આનો ભરપૂર લાભ લઈને લોકોને તબિયતથી અને મોંઘીમોંઘી દવાઓ અને ટ્રીટમેંટથી પાયમાલ કરી રહી છે.

આજે વિકસિત દેશો પણ આ અંગે જાગૃત થયા છે અને શુદ્ધ હવા, શુદ્ધ પાણી તથા ઑર્ગેનિક અનાજ-કઠોળ-શાકભાજી અને ફળોના ઉપયોગ તરફ વળી રહ્યા છે. જો બીમારી અને ખર્ચાથી બચવું હોય તો પોષક દ્રવ્યો મળે તેવાં હવા, પાણી, ખોરાકનો આહાર લેવો અત્યંત જરૂરી છે. જીવનધોરણ-Life-Style બદલવી અત્યંત આવશ્યક છે.

આજે એવા એક જાદુઈ વૃક્ષ-જે સંજીવની વૃક્ષ છે તેની વાત કરવી છે. મનુષ્યજાતને એ કુદરતની અમૂલ્ય દેન છે, કારણકે ગમે તેવી જમીનમાં તે પોતાનું અસ્તિત્વ ટકાવે છે, પર્યાવરણ જાળવે છે, જલદી વિકાસ પામે છે અને ખૂબ જ ઓછું પાણી માગે છે. છતાં પોષણ માટેનાં લગભગ દરેક તત્ત્વો તે આપણને ઓછી મહેનતે, ઓછા ખર્ચે આપે છે, જેને આપણે ઓળખવા છતાં અજાણ્યું કરી દીધું છે. તે સરગવો (Moringa) આજે વિશ્વમાં 'ગ્લોબલ-સુપર ફૂડ' તરીકે ઊભરી રહ્યો છે. વસુંધરાની અણમોલ ભેટ એવા આ વૃક્ષને શોભાંજન પણ કહેવામાં આવે છે, કારણકે તેનાં ફૂલો સુંદર હોય છે. ખૂબીની વાત તો એ છે કે તે બારમાસી વૃક્ષ છે. આ વૃક્ષના દરેક ભાગો-પાન, શિંગ (ફળ), મૂળ, છાલ, પુષ્પો, બીજ તથા ગુંદર વગેરે ખૂબ જ ઉપયોગી છે. આપણે તો ફક્ત તેની શિંગનો જ ઉપયોગ કરીએ છીએ. તેનું મૂળ ઉદ્‌ભવસ્થાન પવિત્ર હિમાલય છે. વાસ્તવમાં તેનાં તમામ અંગોનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે છે.

**શિંગ (Drumstick) :** અનેક ભારતીય વ્યંજનોમાં સરગવાની શિંગ વપરાય છે તેની પાછળ આપણા પૂર્વજોનું વિજ્ઞાન છે, જે સમજવું જરૂરી છે. સરગવાની શિંગો આરોગ્ય માટે અમૂલ્ય ખજાનો છે. દક્ષિણ ભારતમાં તેનો સૌથી વધારે ઉપયોગ થાય છે. શાક, સંભાર. સૂપ વગેરેમાં તેનો ઉપયોગ થાય છે. શિંગમાં દરેક પ્રકારનાં પોષક તત્ત્વો ભરેલાં છે. શિંગ થોડી તૂરી, મીઠી, વિપાકે ગરમ અને કફનો નાશ કરનારી છે. તે વાને અને પેટનો દુઃખાવો અને પેટનાં ચડતા ગોળામાં રાહત આપનારી છે. પચવામાં હલકી છે અને જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. 'મેડિસિનલ' સિક્રેટ ઑફ ફૂડ' પુસ્તકમાં ડૉ. અમ્માને લખ્યું છે કે સરગવાની શિંગ વાજીકરણે કરનારી છે. લીવરની તકલીફથી માંડીને સાંધાના દુઃખાવામાં સરગવાનું શાક-સૂપ લાભદાયક છે.

**પાન :** આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાનનાં મતે લીલાં કે સૂકાં પાનમાં પોષણનો ભરપૂર ખજાનો છે. વિશ્વમાં તેને ''ગ્લોબલ-સુપર ફૂડ'' તરીકે સ્વીકારવામાં આવી રહ્યું છે, જ્યારે આપણે તેનાથી અજાણ્યા છીએ. વિશ્વના અનેક દેશોમાં તેની ખૂબ જ માગ છે. પાનમાં ૯૦ જેટલાં પોષક તત્ત્વો (Nutrients), ૪૬ એન્ટિ-ઑક્સિડન્ટ્સ (Antioxidents), ૩૬ પ્રતિરોધક ઉદ્દીપકો (Anti-Inflammatory Compounds) અને ૧૮ એમીનો ઍસિડ્સ (Amino Acids), છે જે દરેક પ્રકારની તંદુરસ્તી માટે અતિમહત્ત્વનો છે. સરગવાનાં પાનમાં વિટામિન એ-બી-૧, બી-૨, બી-૩, સી, ઈ, ઉપરાંત કૅલ્શિયમ, પોટેશિયમ, લોહ (Iron) અને પ્રોટીન જેવાં ૧૧ તત્ત્વો છે. વિટામિન-એ ગાજર કરતાં ચાર ગણું, વિટામિન-સી નારંગી કરતા સાત ગણું, દૂધમાંથી મળતાં કૅલ્શિયમ કરતાં સત્તર ગણું, કેળામાંથી મળતા પોટેશિયમ કરતાં ત્રણ ગણું, પાલકની ભાજીમાંથી મળતાં લોહ કરતાં પચ્ચીસ ગણું, અન્ય કોઈ પણ શાકભાજીમાં પ્રોટીન નથી મળતું-જ્યારે પાનમાં મગ કરતાં અડધું પ્રોટીન મળે છે. તદ્‌ઉપરાંત ઓમેગા ૩, ૬, ૯ પણ

મળે છે. તેમાં જલદ જીવાણુંનાશક તત્ત્વ છે. વિટામિન એ અને કૅલ્શિયમ સારા પ્રમાણમાં-શરીર એબ્સોર્બ કરે તેવા રૂપમાં છે. તેને ચક્ષુષ્ય પણ કહેવામાં આવે છે. કૃષિ વિજ્ઞાન ફેબ્રુઆરી-એપ્રિલ ૧૯૯૮ના સરગવાના લેખમાં જણાવે છે કે સરગવાનાં પાનનું નિયમિત સેવન કરવાથી આંખના રોગોથી તેમ જ રતાંધળાપણાથી બચી શકાય છે. ચામડીના રોગો તથા કોલેસ્ટ્રોલમાંથી બચી શકાય છે. લગભગ ૩૦૦ જેટલી નાની-મોટી બીમારીમાં ઉપયોગી છે.

સરગવાનાં પાન ન્યુટ્રિશન, વિટામિન, એમીનો ઍસિડથી ભરપૂર હોઈ કૅન્સરમાં સહાયક બને છે. હૃદયરોગીઓને ઉપકારક હોય છે. બ્લડપ્રેશર કન્ટ્રોલ કરે છે. રોગપ્રતિકાર શક્તિ વધારે છે. પર્યાપ્ત કૅલેરી હોવાથી શરીરના બાંધાને તે સમતોલ અને મજબૂત બનાવે છે.

સરગવાનાં પાન કે શિંગનાં સૂપથી લોહી શુદ્ધ થાય છે, હિમોગ્લોબીન વધે છે તથા અસ્થમા અને બ્રોંકાઈટીસ જેવા રોગો નાબૂદ કરવામાં રાહત આપનાર છે. તેમાં કૅલ્શિયમ ભરપૂર માત્રામાં હોવાથી, તેનાથી હાડકાં મજબૂત બને છે. બાળકો, બુજુર્ગો, સ્ત્રીઓ, રમતવીરો માટે તે ખૂબ જ ઉપયોગી છે. આ સિવાય તેમાં મૅગ્નેશિયમ, આયર્ન, સિલિયમ હોઈને તે વધારે ઉપયોગી બને છે. લોહીનાં પરિભ્રમણ અને સર્ક્યુલેશનને નિયમિત કરે છે. લોહીમાંથી શર્કરા-ખાંડ-ગ્લુકોઝને નિયંત્રિત કરે છે તેમ જ લોહીને પ્રદૂષિત થતું અટકાવે છે. માનસિક અને ભાવાત્મક સમતુલન જાળવે છે તેમ જ મેદસ્વિતાની સમસ્યા નિવારવામાં પણ ઉપયોગી છે.

આંખના નિષ્ણાત ડૉક્ટરોનો એવો અભિપ્રાય છે કે જો દરરોજ લગભગ ૩૦ ગ્રામ પાઉડર (પાનનો) ઉપયોગ કરવામાં આવે તો આંખમાં આવતા મોતિયાને અટકાવી શકાય છે. સરગવાની છાલ અને મૂળમાં મોરિન્જીન નામનો આલ્કલોઈડ અને બીજમાં તેલ હોય છે.

આફ્રિકામાં-નાઈજિરિયામાં અનેક રોગોમાં સરગવાનાં પાનનો ઉપયોગ થતો હોવાથી કેન્યા-આફ્રિકા-નાઈજિરિયાની શાકમાર્કેટોમાંથી સરગવાનાં પાન ટપોટપ ખાલી થઈ જાય છે.

જ્યારે અમેરિકા-યુરોપમાં શિંગ તથા પાનના પાઉડરની તથા પાનનાં પાઉડરમાંથી બનતી કૅપ્સ્યૂલની ડિમાંડ વધતી જાય છે.

આ રીતે સરગવો બાળકો, યુવાનો, સ્ત્રીઓ, વૃદ્ધોને તંદુરસ્ત રહેવા માટે કલ્પવૃક્ષ સમાન છે. ખેડૂતો માટે જમીન સંરક્ષણ ભૂમિકા ભજવે છે. ઓછા પાણીએ જલદી વધતું વૃક્ષ છે.

Eat Moringa, Well Moringa

Immediately start your diet with Moringa

ૐ સર્વે ભવન્તુસુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ।

સર્વે ભદ્રાણિપશ્યન્તુમા કશ્ચિત દુઃખ ભાગ્યવેત્ ।।


# ૨૨મો સમૂહલગ્નોત્સવ

## જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

### જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા


**આયોજન**

**શનિવાર, તા. ૩.૧૨.૨૦૧૬ના રોજ, કચ્છી ગ્રાઉંડ,**
**બોરીવલી - વેસ્ટમાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે.**
**વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.**
**વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**
**૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.**
**ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮**

**Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com**

# જેજેસી-કચ્છ મિટ - ૨૦૧૬

ગાંધીધામ-કચ્છ ગુજરાત ખાતે રવિવાર, તા. ૨૦-૦૩-૨૦૧૬ ના રોજ જેજેસી કચ્છ-મિટના સમારંભમાં દરેક સેન્ટરના પદાધિકારીઓ અને સભ્યો સહભાગી થયા હતા. આ સમારોહનું આયોજન માંડવી(લેડીઝ વિંગ) સેન્ટરે સંભાળેલ હતું. જેજેસી-સેન્ટ્રલ બોર્ડની વર્ષ ૨૦૧૬-૧૭ માટે નવા વરાયેલા પદાધિકારીઓની ટીમ હાજર રહી હતી, જેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. માંડવી, માંડવી (લેડીઝ વિંગ), રાપર, અંજાર, લખતણા, ભુજ, વર્ધમાનનગર, મુંદ્રા, માધાપર તથા અંજાર લેડીઝ વિંગ સાથે ૪૨૫ સભ્યોની કચ્છ મિટમાં હાજરી હતી. આ મીટનું સંચાલન શ્રી ભાવિનભાઈએ કરેલ હતું.



જેજેસી-લેડિઝ વિંગ અંજાર સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજયભાઈ શાહના હસ્તે પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન, મોનિકાબેન, હિનાબેન, પ્રતિમાબેન, ચેતનાબેન, કાશ્મીરાબેન, વૈભવી, સંગીતાબેન તથા હર્ષાબેને શપથ ગ્રહણ કર્યા હતા.




કચ્છ મીટ-૨૦૧૬નાં સમારંભમાં જેજેસી સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજયભાઈ સાથે સર્વશ્રી રમેશભાઈ મોરબીયા, પ્રફુલભાઈ, કિશોરભાઈ, જયંતિભાઈ, રમેશભાઈ, રાજેશભાઈ, ભાવિનભાઈ, દિનેશભાઈ, શ્રીમતી ભારતીબેન, શ્રીમતી રાગિનીબેન તથા સ્મિતાબેન

# Felicitation of Donor's-2015 - ઉચ્ચ શિક્ષણ અભિયાન



શ્રી પરાગ શાહના વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી પ્રવીણભાઈ શાહ



શ્રી કહાનરાજ ટ્રસ્ટ વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી રાજેશભાઈ ગાંધી



શ્રી નીતિનભાઈ સંઘવી વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી પ્રાણલાલ શેઠ



શ્રી ધર્મેશ જૈન વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી બિપીનભાઈ વોરા



શ્રી સુભાષ રૂણવાલ વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી જયંતીભાઈ છાડવા



શ્રી મુકેશ દોશી વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી જયંતીભાઈ છાડવા



શ્રીમતી ધનવંતી ગોગરી વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી ઉદય સંઘવી



શ્રી દિનેશ શેઠ વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી ઉદય સંઘવી



શ્રીમતી મંજુલાબેન મોરબિયા વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રીમતી સુરેખાબેન કોલસાવાળા



શ્રી સુરેંદ્ર જૈન વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી અનિલભાઈ દોશી



શ્રી મયુર શાહ વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી અનિલભાઈ દોશી



જેજેસી-પેડર રોડ વતી ટ્રોફી સ્વીકારતા
હસ્તે શ્રી રમેશભાઈ સંઘવી



ટ્રોફી સ્વીકારતા જેજેસ–નોર્થ ઈસ્ટ કમિટી હસ્તે જિતેંદ્ર કોઠારી



ટ્રોફી સ્વીકારતા જેજેસી–જુહુ બીચ કમિટી હસ્તે સંજય શાહ

# Felicitation of Donor's-2015 - ઉચ્ચ શિક્ષણ અભિયાન




ટ્રોફી સ્વીકારતા જેજેસી-બીચ સાઈડ કમિટી
હસ્તે રમેશ મોરબિયા




ટ્રોફી સ્વીકારતા જેજેસી ચેમ્બુર કમિટી
હસ્તે રાજેશ ભણશાલી



ટ્રોફી સ્વીકારતા જેજેસી-મુંબઈ કમિટી
હસ્તે રાજેશ ગાંધી




ટ્રોફી સ્વીકારતા જેજેસ—જુહુ કમિટી
હસ્તે રાજેશ ગાંધી




ટ્રોફી સ્વીકારતા જેજેસી કાંદિવલી કમિટી
હસ્તે રાજેશ ભણશાલી



ટ્રોફી સ્વીકારતા જેજેસી-વિલે પાર્લે કમિટી
હસ્તે રમેશ સંઘવી



ટ્રોફી સ્વીકારતા જેજેસી-બોરીવલી કમિટી
હસ્તે અનિલ દોશી




ટ્રોફી સ્વીકારતા જેજેસી-અમૃતનગર કમિટી
હસ્તે જયંતી છાડવા




ટ્રોફી સ્વીકારતા જેજેસી-સાયન માટુંગા કમિટી
હસ્તે સંજય શાહ



ટ્રોફી સ્વીકારતા જેજેસી-શિવાજી પાર્ક કમિટી
હસ્તે રાજેશ ભણશાલી



ટ્રોફી સ્વીકારતા જેજેસી-મુલુંડ કમિટી
હસ્તે જિતેંદ્ર કોઠારી




ટ્રોફી સ્વીકારતા જેજેસી-વાપી કમિટી
હસ્તે ઉદય સંઘવી



ટ્રોફી સ્વીકારતા જેજેસી-નવી મુંબઈ કમિટી
હસ્તે રાજેશ ભણશાલી



ટ્રોફી સ્વીકારતા જેજેસી-રજવાડી કમિટી
હસ્તે અનિલ દોશી

# જેજેસી-ઉત્તર ગુજરાત મિટ - ૨૦૧૬

ઉત્તર ગુજરાત ખાતે રવિવાર, તા. ૨૭-૦૩-૨૦૧૬ ના રોજ જેજેસી-ઉત્તર ગુજરાત મિટના સમારંભમાં દરેક સેન્ટરના પદાધિકારીઓ અને સભ્યો સહભાગી થયા હતા. આ સમારોહનું આયોજન મહેસાણા (લેડીઝ વિંગ) સેન્ટરે સંભાળેલ હતું. જેજેસી-સેન્ટ્રલ બોર્ડની વર્ષ ૨૦૧૬-૧૭ માટે નવા વરાયેલા પદાધિકારીઓની ટીમ હાજર રહી હતી. જેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. મહેસાણા (લેડીઝ વિંગ), મહેસાણા, કલોલ, વીસનગર, ઊંઝા, પાટણ, હિમ્મતનગર, ડીશા, ભાભર, થરા તથા ડીહોદર સાથે ૫૫૦ સભ્યોની ઉત્તર ગુજરાત મિટમાં હાજરી હતી. આ મિટનું સંચાલન શ્રીમતી કાશ્મીરાબેન હરડેએ કરેલ હતું.



જેજેસી-મહેસાણા લેડીઝ વિંગનું ઉદ્‌ઘાટન તથા ઉત્તર ગુજરાત મિટમાં જેજેસી સેન્ટ્રલ બૉર્ડના ચૅરમૅન શ્રી સંજય બી. શાહ, શ્રીમતી કાશ્મીરાબેન, સર્વશ્રી કિશોરભાઈ, જયંતીભાઈ, પ્રવીણભાઈ, રમેશભાઈ, અલ્કેશભાઈ, જશવંતભાઈ, પ્રવીણભાઈ, રાજેશભાઈ ગાંધી તથા રાજેશભાઈ ભણશાલી ઉપસ્થિત રહેલ.




ઉત્તર ગુજરાત મહેસાણા લેડીઝ વિંગનાં પ્રમુખ શ્રીમતી કાશ્મીરાબેન હરડે તથા તેમની કમિટીની બહેનો

# જૈન જાગૃતિ સેન્ટર (સાયન – માટુંગા) ચેરીટિબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪-એ, સાયન (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૨૨.

**પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ** વર્ષ ૨૦૧૬-૨૦૧૭

## શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ –વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

સેન્ટરના વ્હાલા સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દરેક વર્ષની માફક આ વર્ષે પણ **જૈન પરિવાર**ના જરૂરીયાતવાળા **(જેઓની માસિક આવક રૂા. ૧૫,૦૦૦/– થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને **મુંબઈ (સાઉથ મુંબઈ થી સેન્ટ્રલ મુંબઈમાં મુલુંડ સુધી અને પશ્ચિમ મુંબઈમાં બોરીવલી સુધી)**માં જ રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ (દીકરો/દીકરી) ને **શૈક્ષણિક અભ્યાસ માટે દત્તક** લેવાનું નક્કી કર્યું છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિદ્યાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (શાળાની ફી, યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરુ નામ, સરનામું, ફોન નંબર.
૨) મુળવતન, બાળકની જન્મતારીખ.
૩) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ તેમ જ સરનામું.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.
૫) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોક્સ તથા ધોરણ પાસ કર્યું હોય તેની માર્કસ શીટ.

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે **બુધવાર, તારીખ ૧૮ મી મે ૨૦૧૬ થી તા. ૧૮ મી જૂન, ૨૦૧૬ દરમ્યાનના કોઈપણ બુધવારે અથવા શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે.**

**C/o. સી.એમ.ગાંધી કન્સટ્રકશન કું.**
**૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨**

**ખાસ નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઈએ મહેરબાની કરી આવવુ નહિ.**

---

**જૈન જાગૃતિ સેન્ટર (સાયન-માટુંગા) ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબનાં ચેરીટિબલ કાર્યો અને સહાય માટે ફંડો ચલાવવામાં આવે છે.**

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - વિદ્યાર્થી દત્તક યોજના ફંડ**

**શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ -**
**કેળવણી - શિક્ષણ ફંડ**

**શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી -**
**ઈન્ફોટેક ફંડ**

**શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ -**
**મેડીકલ ફંડ**

**શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ -**
**ડાયાલીસીસ ફંડ**

**શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ -**
**માનવ રાહત ફંડ**

**શ્રીમતી મંગલાબેન જશવંતલાલ શાહ -**
**અનાજ રાહત ફંડ**

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ -**
**જીવદયા ફંડ**

**શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઈ શાહ -**
**સ્કોલરશીપ ફંડ**

✍...લી.

**જયંતભાઈ એમ. શાહ ● સતીષભાઈ સી. શાહ**
**જયેન્દ્રભાઈ એમ. સંઘવી ● સુરેશભાઈ કે.શાહ**
**ટ્રસ્ટી અને કન્વીનીયર્સ**

**રાજેશભાઈ સી. ગાંધી**
**ચેરમેન**

# જો જો માફ કરવામાં મોડું ન થઈ જાય

■ કૃષ્ણકાંત ઉનડકટ

'વજન'નો અનુભવ ન કરાવે તેનું નામ સ્વજન. હળવાશ એ સંબંધની સૌથી મોટી લાક્ષણિકતા છે. જ્યાં ભાર હોય છે ત્યાં સ્વીકાર હોતો નથી. લાદી દીધેલું વેંઢારવું પડતું હોય છે. જે સહજ હોય એનો ભાર લાગતો નથી. માણસ 'ભાર' લઈને ફરે છે અને બીજા પર લાદતા પણ રહે છે.

દરેક માર્ગને વળાંક હોય છે. સંબંધમાં પણ ઉતાર અને ચઢાવ હોય છે. હાથની કોઈ રેખા સીધી હોતી નથી તો પછી જિંદગી કાયમ કેવી રીતે એકસરખી ચાલવાની છે? દુનિયામાં કંઈ જ સ્થિર નથી. સૂરજ ઊગે છે અને આથમે છે, દરિયામાં પણ ભરતી અને ઓટ છે. ગ્રહો પણ એની ચાલ બદલતા રહે છે, ફૂલ ખીલે છે અને કરમાય છે, મેઘધનુષ કાયમ રહેતું નથી, તો પછી સંબંધ કેમ એકસરખા રહે?

આપણી ઈચ્છા મુજબ કોઈ કંઈ ન કરે ત્યારે આપણે એને ભૂલ ગણી લઈએ છીએ. આપણે આપણી વ્યક્તિને ભૂલ કરવાનો અધિકાર આપીએ છીએ? પ્રેમની સૌથી મોટી પરખ ત્યારે થાય છે કે આપણે કોઈને કેટલા ઝડપથી માફ કરીએ છીએ. માફ કરવામાં મોડું કરવું એ પણ એક જાતનો અન્યાય જ છે. ભમરો મધ ચૂસી જાય ત્યારે ફૂલ ફરિયાદ કરતું હશે? નદી દરિયાને મળે અને ખારી થઈ જાય ત્યારે નદી બળાપો ઠાલવતી હશે?

દુનિયામાં બે કામ સૌથી અઘરાં છે. માફી માગવી અને માફી આપવી. પોતાના ઈગોને માણસ કેટલો ઓગાળી શકે છે તેના પર સંબંધોનો આધાર રહે છે. ઘણી વખત આપણે અભિમાનને સ્વાભિમાન ગણી લેતા હોઈએ છીએ. જેને 'સ્વ'નું ભાન છે એ જ ખરો સ્વાભિમાની છે. આપણે આપણી ફરતે એક કુંડાળું દોરી લઈએ છીએ એ પછી એને જ આખી દુનિયા માની લેતા હોઈએ છીએ. તેની બહાર કોઈ જાય એને આપણો વિરોધી કે દુશ્મન સમજી લઈએ છીએ. દુનિયામાં સૌથી મોટું પાપ કોઈનાં મન અને મગજ પર કબજો કરવાનું છે. મને પૂછ્યા વગર કંઈ જ કરવાનું નથી, એવું ઈચ્છતી વ્યક્તિ જ પોતાના નજીકના લોકોને મર્યાદા વટાવવા માટે મજબૂર કરતી હોય છે.

ઘણા લોકો તો એવા હોય છે જેની પાસે માફી માગતા પણ ડર લાગે. એક માણસ મરણપથારીએ હતો. તેને સમજાઈ ગયું કે જિંદગીનો અંત હવે નજીક છે. એને વિચાર આવ્યો કે કોઈ કામ બાકી રહી જતું નથી ને? બહુ વિચાર કર્યા પછી તેને યાદ આવ્યું કે ઘણા લોકોનાં દિલ દુભાવાઈ ગયાં. જતાં પહેલાં એની માફી માગી લઉં.

એક પછી એક બધાને બોલાવીને માફી માગવાનું શરૂ કર્યું. સૌથી છેલ્લે યાદ આવી એ દીકરી જેણે ભાગીને લગ્ન કરી લીધાં હતાં. દિલના ટુકડા જેવી દીકરીને વર્ષોથી જોઈ ન હતી. અંતે પત્નીને કહ્યું કે એને બોલાવી દે. દીકરીને બોલાવી. દીકરીની દીકરી પણ સાથે હતી. હૉસ્પિટલના રૂમમાં સૌથી પહેલી પૌત્રી દાખલ થઈ. નજીક આવીને કહ્યું કે, દાદા, મારો શું વાંક હતો? પહેલી વખત એ માણસ ધ્રુસકેધ્રુસકે રડી પડ્યો અને નાનકડી પૌત્રીને કહ્યું કે દીકરા, તારો કંઈ વાંક ન હતો, કદાચ વાંક મારો જ હતો. આપણો વાંક દેખાતો નથી હોતો ત્યારે આપણે બીજા લોકોનો વાંક કાઢતા હોઈએ છીએ.

દીકરીએ નજીક આવી પિતાના માથા પર હાથ મૂક્યો. પિતાએ કહ્યું કે, એક વાર તો મને કહી જોયું હોત. દીકરી એટલું જ બોલી કે ડર લાગતો હતો પાપા, આજે છે એટલી હળવાશ ત્યારે ક્યાં હતી? ઘરેથી નીકળી ત્યારે તમારી તસવીર લેતી ગઈ હતી. દરરોજ તમારો ફોટો જોઈને માથે હાથ ફેરવ્યો છે અને મનોમન બોલ્યું છે કે લવ યુ પાપા. રોજ આંખો ભરાઈ આવતી, આજે પણ આંખો ભરાયેલી છે, જોકે તેમાં અભાવ નથી, પણ આભાર છે. પિતાએ કહ્યું કે હવે કોઈ ભાર નથી, હવે કોઈ અભાવ નથી અને હવે કોઈ અફસોસ નથી.

પોતાના લોકોને માફ કરવામાં ક્યારેય એટલો વિલંબ ન કરો કે બહુ મોડું થઈ જાય. 'મોડા'ની કોઈ મર્યાદા નથી હોતી, મોડું કદાચ આવતી કાલે પણ થઈ જાય, આજે પણ

તમે કોઈને માફ કરી શકો છો? એવો પ્રેમી કે એવી પ્રેમિકા જે આજે સાથે નથી એને તમે માફ કરી શક્યા છો? એવો દોસ્ત જેનાથી ક્યારેક કોઈ નાની ભૂલ, થોડીક છેતરપિંડી કે એકાદ દગો થઈ ગયો છે એને તમે અપનાવી શકો છો? એક-બે સાથે કામ કરતી વ્યક્તિ જેની સાથે કોઈ મુદ્દે ચડભડ થઈ ગઈ હોય એનું જતું કરી શકો છો? એવાં ભાઈ કે બહેન, જે કોઈ સમયે કોઈ કારણસર આપણી સાથે હાજર રહી નથી શક્યાં એને 'હશે' કહીને પાછાં બોલાવી શકો છો? જો ના, તો તમે કંઈક ગુમાવી રહ્યા છો.

માફ તો કરી જુઓ, એના જેવી ઉદારતા બીજા કશામાં નથી. માણસ દાનવીર થઈ શકે છે, પણ માફવીર થઈ શકતો નથી. જે માફવીર છે એ મહાવીર જ છે. ઘણી વખત તો આપણી વ્યક્તિએ આપણને માફ કરી દેવો હોય છે, પણ આપણે જ માફી માગતા હોતા નથી. ક્યારેક ડર હોય છે કે આપણને માફી નહીં મળે અને ક્યારેક એવું લાગે છે કે હું શા માટે માફી માગું? મેં ક્યાં કોઈ ભૂલ કરી છે? એક દોરો ન તોડીએ તો એ ધીમેધીમે દોરડું બની જાય છે. માફી માગી લેવાથી કોઈ નીચું થઈ જતું નથી. માફી માગીને તો માણસ વધુ ટટ્ટાર થાય છે. માફી માગી લેવાથી માણસ હળવો થઈ જાય છે. આપવી ન આપવી એ તમે ચિંતા ન કરો. એ બીજા પર છોડો.

આપણે આપણને જે યોગ્ય લાગે એ કરવાનું હોય છે. કેવું છે, કોઈ વ્યક્તિ આપણને સતત યાદ આવતી હોય છે, કોઈની સતત નજીક જવાની આપણને ઈચ્છા થતી હોય છે, આપણે કોઈની સતત ઝંખતા હોઈએ છીએ, પણ એને નજીક આવવા દેવા કે એની નજીક જવા માટે દરવાજો ખોલતા નથી, કેટલાક પહાડોને ઓગળવું હોય છે, પણ એને તક તો આપો. કેટલાક ભ્રમ આપણે ધારતા હોઈએ એટલા મોટા કે બિહામણા હોતા નથી. બસ 'સૉરી' કહેવાની જ વાર હોય છે. અને કોઈ સૉરી કહે ત્યારે જરાયે મોડું ન કરતાં, કારણકે માફ કરવાની તક પણ વારંવાર મળતી નથી.

જિંદગીમાં એટલું 'ભારે' કશું જ નથી હોતું જે હળવું ન થઈ શકે. આપણે બસ થોડુંક જતું કરવાનું હોય છે. તમને પ્રેમ કરવાવાળા તમારાથી ડરવા ન જોઈએ. તમે તમારી વ્યક્તિની ભૂલ કેટલી માફ કરી શકો છો તેના પરથી જ નક્કી થતું હોય છે કે તમે તેને કેટલો પ્રેમ કરો છો. તમે ઈચ્છતા હોવ કે તમારી વ્યક્તિ કંઈ જ છાનુંછપનું કે ખાનગી ન કરે તો એ તમારી સામે એ કરી શકે અને તમને ખુલ્લા દિલે એ કહી શકે એટલી હળવાશ આપો. કોઈને પોતાની વ્યક્તિનું દિલ દુભાવવું હોતું નથી. કોઈને દૂર જવું હોતું નથી. અસ્વીકાર જ અભાવ સર્જતો હોય છે. મહાન માણસ જ માફી માગી કે માફી આપી શકે છે. કાયરોનું એ કામ નથી. એકવાર કહી તો જુઓ કે આઈ એમ સૉરી. એટલું મોડું શેમાંય ન કરો કે જિંદગીભરનો અફસોસ રહી જાય. ન તો માફી માગવામાં, ન તો માફી આપવામાં.

છેલ્લો સીનઃ

જે ગાંઠ છૂટી શકે તેવી હોય તેને કાપવી નહીં.

–અજ્ઞાત

---

## શુભસંદેશ

- પિતાની ઝૂંપડી વચ્ચે, પુત્રો પાંચ સમાય છે, પુત્રોના પાંચ મહેલોમાં, પિતા એક સમાય ના!
- પુણ્યનો ઉદય હોય તો અજાણ્યાને ત્યાં પણ આવકારો મળે! પાપનો ઉદય હોય તો જાણીતાને ત્યાં પણ જાકારો મળે!
- પાપોદય જાગે તો સંતને પણ શૂળ મળે, પુણ્યોદય જાગે તો શેતાનને પણ ઇનામ મળે!
- ઘરમાં માણસને ક્યારેક એલોપથી, હોમિયોપથી કે નેચરોપથીની નહિ, પણ સિમ્પથી-સહાનુભૂતિની જરૂર હોય છે.
- ૧૪ માણસ પણ સાથે રહી શકે, જો પ્રેમ હોય તો અને ચાર માણસ પણ સાથે ન રહી શકે, જો વહેમ હોય તો!
- સમર્પણ હોય ત્યાં શરત ન હોય, શરત હોય ત્યાં સમર્પણ ન હોય!
- કોઈના ચારિત્ર પર આક્ષેપ એ મોટામાં મોટો આક્ષેપ છે, આવા આક્ષેપ જીવનમાં વિક્ષેપ સર્જે, સુખનો સંક્ષેપ કરે છે.
- જિનશાસન વ્યક્તિપ્રધાન નથી, ગુણપ્રધાન છે, માટે વ્યક્તિની નહિ, ગુણની પ્રશંસા તારે છે.

# વીલમાં સ્થાવર કે જંગમ મિલકત ટ્રાન્સ્ફર કરવાના ફાયદા

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)
shahkishor@gmail.com ● (O) 22673908 ● (R) 23624879

**■ વીલમાં કોઈ પણ સ્થાવર કે જંગમ એટલે કે મૂવેબલ અને ઈમમૂવેબલ પ્રૉપર્ટી ટ્રાન્સ્ફર કરવાના શું શું ફાયદા છે?**

❑ સૌથી પહેલાં તો તે સમજી લેવાની જરૂર છે કે ગિફ્ટ ટૅક્સ વીલને લાગુ જ નથી પડતો, એટલે કે કોઈ પણ મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી સામાન્ય રીતે ટ્રાન્સ્ફર કરીએ તો તેનું એગ્રીમેન્ટ કરવું પડે છે, તેના પર સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે, તે દસ્તાવેજનું રજિસ્ટ્રેશન કરાવવું પડે છે, પરંતુ કોઈ પણ મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી વીલમાં ગિફ્ટ મારફત મળે તો તેને ટ્રાન્સ્ફર બાય ઑપરેશન ઑફ લૉ કહેવાય છે અને તેના પર એટલે કે તે મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી ટ્રાન્સ્ફર કરવા માટે કોઈ પણ જાતનું લખાણ નથી કરવું પડતું, એગ્રીમેન્ટનું રજિસ્ટ્રેશન નથી કરવું પડતું કે સ્ટૅમ્પ ડ્યૂટી નથી ભરવી પડતી. ધારો કે ઘરના કોઈ પણ સભ્યને રજિસ્ટર્ડ કૉ-ઑપ. સોસાયટીમાં ફ્લૅટ વેચે તો માર્કેટ વૅલ્યૂના પાંચ ટકા પ્રમાણે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે, તેનું રજિસ્ટ્રેશન કરાવવું પડે છે, તેના પર શોર્ટ ટર્મ કે લોંગ ટર્મ પ્રમાણે કૅપિટલ ગેઈન ટૅક્સ ભરવો પડે છે અને એગ્રીમેન્ટ પ્રમાણે ફ્લૅટ ટ્રાન્સ્ફર કરો તો સોસાયટીને ટ્રાન્સ્ફર ચાર્જિસ પણ ભરવા પડે છે. ધારો કે કોઈ પણ માણસ તેની હયાતી દરમિયાન જ ગિફ્ટ ડીડથી તેની હયાતીમાં તેના કાયદેસરના વારસદારને ફ્લૅટ ગિફ્ટમાં આપે તો હવે ગિફ્ટ ટૅક્સ જ એટલો બધો લાગે છે કે ફ્લૅટ લીધો હોય તેના કરતાં અનેક ગણી વધારે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે.

**■ દરેક વીલમાં એક ડિસ્ક્રિનરી ટ્રસ્ટ થઈ શકે છે.**

❑ કોઈ પણ વ્યક્તિએ પોતાના કુટુંબના કોઈ પણ સભ્ય, જેની કદાચ ભવિષ્યમાં નાણાકીય સ્થિતિ સારી ન રહે તેવો મનમાં ડર હોય તો તેને માટે તેના વીલમાં તે છોકરા કે છોકરી માટે એક વીલમાં એક ડિસ્ક્રિનરી ટ્રસ્ટ કરી શકે છે. એક વસ્તુ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કે ડિસ્ક્રિનરી ટ્રસ્ટ ફક્ત વીલમાં જ થઈ શકે છે એટલે ડિસ્ક્રિનરી ટ્રસ્ટ કરવા માટે પણ વીલ કરવું જરૂરી છે. ડિસ્ક્રિનરી ટ્રસ્ટ અલગ નથી થઈ શકતું, ફક્ત વીલમાં જ થઈ શકે છે. ડિસ્ક્રિનરી ટ્રસ્ટનો મોટામાં મોટો ફાયદો એ છે કે ઈન્કમ ટૅક્સમાં એને (સેપરેટ) અલગ લીગલ એન્ટીટી ગણવામાં આવે છે. પહેલાં એક વીલમાં ઘણા ડિસ્ક્રિનરી ટ્રસ્ટ થઈ શકતાં હતાં, પણ હવે ફક્ત એક વીલમાં એક જ ડિસ્ક્રિનરી ટ્રસ્ટ થઈ શકે છે.

**■ વીલને લગતો બીજો એક મહત્ત્વનો કાયદો એમ છે કે હવે એક્ઝિક્યુટર બેનિફિશિયરી હોઈ શકે છે, પણ બેનિફિશિયરી તે વીલનો સાક્ષી એટલે કે એટેસ્ટિંગ વિટનેસ નથી થઈ શકતો.?**

❑ આનો અર્થ એમ થાય છે કે કોઈ પણ વીલમાં જે એક્ઝિક્યુટર હોય તેને વીલમાં કોઈ પણ જાતની મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી ગિફ્ટમાં મળી શકે છે, પણ તે જ વીલમાં તે સાક્ષી તરીકે સહી નથી કરી શકતો, એટલે આ કાયદાને લીધે કોઈ પણ વ્યક્તિએ વીલ કર્યું હોય અને તેના એક્ઝિક્યુટરને વીલમાં ગિફ્ટ આપી શકે છે, પણ તે જ વીલમાં તેમની પાસે એટેસ્ટિંગ વિટનેસ એટલે કે સાક્ષી તરીકે નથી રાખી શકતો. વીલમાં કોઈ પણ પુરુષને એક્ઝિક્યુટર અને સ્ત્રીને એક્ઝિક્યુટ્રીક્ષ કહેવાય છે.

**■ વીલમાં કોઈ પણ સ્ત્રીને મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી આપવામાં આવે તો તે તેની સંપૂર્ણ માલિકીની પ્રૉપર્ટી થઈ જાય છે.**

❑ કોઈ પણ વ્યક્તિએ તેના કુટુંબમાં તેની નાની છોકરી હોય કે જેની તબિયત સારી ન રહેતી હોય અને તેને પૈસાની ભવિષ્યમાં જરૂર પડવાની હોય કે તેના

છોકરાની વિધવા સ્ત્રી હોય કે લગ્ન કરેલી છોકરી હોય, તેની નાણાકીય સ્થિતિ સારી ન હોય કે તેની પોતાની પત્ની હોય અને તેને વીલમાં કોઈ પણ જાતની ગિફ્ટ મળે તો તેની સ્વતંત્ર માલિકીની તે ગિફ્ટ થઈ જાય છે અને તે પૈસામાંથી તે ભવિષ્યમાં નિભાવી શકે છે. નવા હિન્દુ લૉ પ્રમાણે કોઈ પણ સ્ત્રીને વીલમાં ગિફ્ટ મળે તો તે તેની સ્વતંત્ર માલિકીની મૂડી થઈ જાય છે, એટલે જે પ્રૉપર્ટી વીલમાં મળી હોય તેનું પણ તે વીલ કરી શકે છે. હિન્દુ લૉના વારસાગતના કાયદા પ્રમાણે કોઈ પણ સ્ત્રીને ૧૯૫૬ પહેલાં ફક્ત લિમિટેડ ઈન્ટરેસ્ટ મળતો હતો, પરંતુ જ્યારથી નવો હિન્દુ લૉ ૧૯૫૬માં આવ્યો છે ત્યાર પછી કોઈ પણ સ્ત્રીને વીલમાં તેના પતિ તરફથી, તેનાં સાસુ તરફથી કે તેના સસરા તરફથી વીલમાં ગિફ્ટ મળે તો તે તેની ૧૦૦ ટકા માલિકીની ગણાય છે એટલે કે પહેલાં જે સ્ત્રીને લિમિટેડ ઈન્ટરેસ્ટ મળતો હતો તે નવા કાયદા પ્રમાણે સંપૂર્ણ ૧૦૦ ટકા માલિકી હક્ક મળે છે. નવો હિન્દુ લૉ ૧૭મી જૂન, ૧૯૫૬થી અમલમાં આવ્યો છે. કોઈ પણ સ્ત્રીને વીલમાં તેના કુટુંબના કોઈ પણ સભ્ય તરફથી ગિફ્ટ મળે તે તેનું સ્ત્રીધન થઈ જાય છે અને ત્યાર પછી તેની ઈચ્છા પ્રમાણે તે પ્રૉપર્ટી આપવી હોય તેને આપી શકે છે. વીલ કરવાનો બીજો એક મોટામાં મોટો ફાયદો એ છે કે કોઈ પણ વ્યક્તિ વીલ કરે તો તેની ઈચ્છા પ્રમાણે તેમનાં સગાં કે કાયદેસરના વારસદારોને જેટલું આપવું હોય તે શિડ્યુલ વનમાં જે દસ સગાંનાં નામ આપેલાં છે તેને ફરજિયાતરૂપે સરખેભાગે ગિફ્ટ આપવી જ પડે છે.

# बन्धन से मुक्ति
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

स्वतंत्रता हमारा जन्मसिद्ध अधिकार है। हर व्यक्ति स्वतंत्र रहने की सोचता, परतंत्रता किसी को पसन्द नहीं। बन्धन किसी को प्यारा नहीं। कोई व्यक्ति किसी के बन्धन में रहना नहीं चाहता। क्या हम किसी के बन्धन में बन्धे है? क्या हमें स्वतंत्र होना है? क्या हमें मुक्ति चाहिये? आइये इस कहानी के माध्यम से हम अपने प्रश्नों के समाधान खोजे।

एक गाँव में एक शेठ रहता था, उनका नाम रतनलाल था। वे धर्म में श्रद्धा रखनेवाले थे। संत प्रवचन, जिन वाणी का रसपान करते रहते थे, उन्हें पक्षीपालन का शोक था। उन्होंने एक पोपट (तोता) पाल रखा था। उस पोपट की देखभाल स्वयं रतनलालजी करते थे, पोपट को समय समय पर अच्छा खाना पानी मिलता था। पोपट शेठ के व्यवहार से प्रसन्न था। शेठ कभी कभी उसे अच्छे फल भी खिलाते थे। एक समय की बात है, उस गाँव में कुछ मुनिराज पधारे, शेठ भी दर्शन-वन्दन को पहुँचे। प्रवचन का दौर शुरु हुआ। जिनवाणी सुनने का अवसर शेठ चूकते नहीं थे। एक दिन शेठ घर से तैयार होकर प्रवचन सुनने जा रहे थे, तभी उस पोपट ने शेठ से अपनी भाषा में पूछा, कहाँ जा रहे हो? शेठ ने सहज भाव में उतर दिया, स्थानक में संत पधारे है, जिनवाणी श्रवण करने जा रहा हूँ। पोपट ने कहा आप महापुरुष के पास प्रवचन सुनने जा रहे हो, मेरे एक प्रश्न का जवाब संत से लेकर आना है। शेठ ने कोतुहलपूर्वक पुछा क्या प्रश्न है तेरा, पोपट कहने लगा ''बन्धन से मुक्ति कैसे मिले?'' बस शेठ प्रवचन सुनने चल दिये, प्रवचन सुनने के पश्चात जब सभी श्रोता गण चले गये, तब अकेले में शेठ ने संत मुनिराज से विनय पुर्वक वन्दन करते हुये पुछा। महात्मन मेरा एक प्रश्न है, उस पर मुझे समाधान चाहिये। संत ने कहा श्रावक जी क्या प्रश्न है आपका?

शेठ ने कहा प्रश्न मेरा नहीं मेरे पाले हुये तोते का है। क्या? एक तिर्यंच पक्षी पोपट का प्रश्न है, ''बन्धन से मुक्ति कैसे मिले'' मुनि २ मिनीट सोचने लगे, चिन्तन करने लगे और कुछ समय पश्चात् मुनि अपने हाथ-पाँव आदि अंग संकोचने लगे, एवं तुरन्त पाट पर जहाँ बैठे थे, वही लुडक गये, सन्त को मूर्छा अवस्था में देख शेठ घबराने लगे, एवं तुरन्त सोचने लगे यहाँ कोई नहीं है, और इन सन्त की बेहोशी की जवाबदारी कही मुझ पर नहीं आ

जाय, कोई मुझे एवं सन्त को इस हालत में देखे उसके पूर्व मैं यहाँ से भाग जाऊँ, उसी में मेरी भलाई है। शेठ तुरन्त वहाँ से भाग खड़े हुये घर आते है, तो पोपट पुनः अपना प्रश्न उसकी भाषा में दोहराता है, सन्त से मेरे प्रश्न का जवाब लाये।

शेठ का रक्तसंचार बढ़ा हुआ था, उसने तोते से कहा क्यां करुँ, आज कादिन ही खराब है, सुबह सुबह न जाने किसका मुँह देखा था, तेरा प्रश्न मैंने अकेले में मुनिराज के सामने रखा, पता नहीं प्रश्न में ऐसा क्या था, कि सुनते ही मुनिराज अपने शरीर के अंग संकोचने लगे और कुछ समय पश्चात् सन्त जहा बैठे थे, वही तुरन्त गिर पड़े, बेहोश हो गये, यह दृश्य देख मैं वहा से तुरन्त भाग खड़ा हुआ। बस तोते को उसके प्रश्न का समाधान मिल गया था।

शेठ खाना खाने अन्दर कमरे में चले गये। खाना खा कर बहार आते है, तो क्या देखते है, तोता पिंजरे के अन्दर मृत पडा है। शेठ घबराने लगे। आज का दिन ही खराब है। उधर मुनि बेहोश हो गये, इधर पोपट पिंजरे में मृत पडा है। आखिर पोपट के प्रश्न में ऐसा क्या था? बहुत दिमाग पर जोर लगाने पर भी शेठ समझ नहीं पा रहे थे, अब शेठ पिंजरे को लेकर जंगल की और जाने लगे मृत पोपट का क्या करे? कहीं कोई देखे तो क्या कहेगा? इससे अच्छा की में इसे जंगल में छोड़ दूँ। इधर पोपट ने पिंजरे में अपने शरीर के अंग संकुचीत कर दिये थे, और वह मृत होने का नाटक कर रहा था। कुछ दुरी पर एक पेड़ के नीचे जाकर शेठ ने पिंजरा खोल कर उसे ओन्धा कर दिया एवं हाथ से ढोक कर पोपट को निचे गिरा दिया। बस पिंजरे से बाहर निकलते ही पोपट फडफडा कर उड गया। शेठ देखते ही रह गये, पोपट तो बन्धन से मुक्त हो गया, खुले गगन में उड़ने लगा। किन्तु हमारी क्या स्थिति है, क्या हम बन्धनमुक्त होना चाहता है।

सर्व प्रथम सब से बड़ा प्रश्न यह है, कि क्या हमें संसार बन्धन रुप लगता है? हमें घर का बन्धन लगता है, परिवार का बन्धन लगता है, ऑफिस दुकान का बन्धन लगता है, इस शरीर का बन्धन लगता है, हम न जाने कितने बन्धनों से बन्धे हुए है। आठ कर्मो का बन्धन पापों का बन्धन आदि क्या हम इन बन्धनों से मुक्त होना चाहते है? तो हमें धर्म आराधना करनी होगी, मन से आराधना करनी होगी, तभी हम मुक्ति के मार्ग पर आगे बढ़ सकते हैं।

किन्तु आज परिस्थिती कुछ और है, हम जब उपाश्रय में जाते है, प्रवचन आदि सुनते है, सामायिक करते है, माला गिनते है, इन सरे अनुष्ठानो में हमारा मन लगता नहीं है। और हमारा मन इन्हें बन्धन मान लेता है। इसमे से छूटना चाहते है। मुक्ति पाना चाहते है और जिस बन्धन में हम बन्धे है, उनकी हमें आदत पड़ गयी है, ज्ञानी हमें यही कहते है, हे आत्मन तू संसार के बन्धन से मुक्त होना चाहता है, तो धर्म के मार्ग पर आगे बढ़ आराधना में चित्त को स्थिर कर, मन की एकाग्रता से धार्मिक अनुष्ठान पुष्ठ होते है, और चिन्तन से मुक्ति का मार्ग मिलता है। हम बन्धनों को बन्धन समझें, और उससे मुक्त होने का उपाय खोजे, पोपट की तरह बुद्धिमान बने, एवं बन्धन से छुटने के मार्ग का जीवन में तुरन्त अमल करे। हर आत्मा बन्धन से छुटकर सिद्ध बुद्ध और मुक्त होना चाहती है।


**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

# રજાની રામાયણ

■ જય વસાવડા

આપણે બેઝિકલી રામભક્ત નહીં, આરામભક્ત છીએ!

શાળા-કોલેજોમાં ૯-૧૦ અઠવાડિયાંની વૅકેશન ઉપરાંત સાતમ-આઠમ કે ક્રિસ્ટમસની મિનિ વેકેશન્સ, વત્તા ૧૨ કેઝયુઅલ લીવ, વત્તા સીક લીવ, વત્તા અભ્યાસક્રમો પૂરા થઈ પછીનો રજાનો આગોતરો માહોલ અને છોગામાં જાહેર રજાઓ તો હોય જ. સરકારી કર્મચારીને પણ શનિ-રવિની બાવન વત્તા ૨૬ રજાઓ ઉપરાંત ૩૦ જેટલા દિવસની પ્રિવિલેજ લીવ, ૧૨ સી. એલ અને ૧૫ એસ.એલ. (માંદગીની રાજા) બોનસમાં ફરજના બહાને લઈ લેવાતી ડી.એલ. (ડ્યૂટી લીવ) તો ખરી જ. અગેઈન પચ્ચીસેક જેટલી જાહેર રજાઓ! અમેરિકા, યુરોપ કે જાપાન વગેરેમાં ૨૧૦૦ કલાકના વાર્ષિક કાર્યબોજની સામે આપણે ત્યાં સરકારી તંત્ર માંડ ૧૩૦૦ કલાક કામ (એય કાગળ પર જ!) કરે છે. ઈરાનમાં પબ્લિક હૉલિડે માત્ર ત્રણ છે, તો અમેરિકાથી ઈટાલી સુધીના દેશોમાં પણ તેની સંખ્યા ૮-૧૦ જેટલી જ છે.

અમેરિકા અને યુરોપની ઊંચી પ્રોડક્શન કૅપેસિટીમાં ચીનની જેમ 'ઓછું વળતર, ઓછું કામ' નથી, પણ 'વધુ વળતર, વધુ કામ'ની સિસ્ટમ છે. દરેક કામના મોં ભરાઈ જાય તેટલા ચિક્કાર પૈસા, સગવડો અને જરૂરી સાધનો ચપટી વગાડતા હાજર કરી દેવાય છે. લેટેસ્ટ ટેક્નૉલૉજી કર્મચારીઓના ઉપયોગ માટે ચરણોમાં પેશ કરાય છે. મોમાગ્યા દામ અપાય છે, પણ ૧૨-૧૪ કલાકના સખત પરિશ્રમથી કામ નીચોવીને લેવામાં આવે છે. એમાં માનવતા, સંવેદનો, બાળકો, પ્રસંગો, પરિવાર, ધર્મ, તહેવાર-કશા જ કારણો ચાલતા નથી.

ભારતમાં ઝાઝીબધી રજાઓ છે એ બેશક ઈકોનોમી ધીમી પડવાનું અને પ્રોડકશન ઘટવાનું એક મહત્ત્વનું કારણ છે. કોર્ટથી બૅન્ક અને સુધરાઈથી પોસ્ટ ઑફિસ સુધીના તંત્રો વારંવાર કામના ભરાવાને લઈને બિઝી કેમ થઈ જાય છે? કારણકે મોટા ભાગનો સમય તેઓ લેઝી (આળસુ) હોય છે!

ઊંધુ ઘાલીને જવાબદારીપૂર્વક કામ કર્યા પછી ટેસથી રજાઓ લો તો ઉત્પાદક્તામાં મસમોટા ફેર પડે તેમ નથી. ઓછી જાહેર રજાઓ ધરાવતા ઈસ્લામિક દેશોમાં પણ જુમ્મા કે રમઝાનનો આખો મહિનો પ્રમાણમાં આરામનો (ખરેખર તો ઈબાદતનો!) હોય છે. બીજું, નાના દેશોમાં કાર્યબોજ પણ ઓછો હોઈ કામના ડુંગરા ખડકાતા નથી. ત્રીજું, એકહથ્થુ રાજાશાહી કે સરમુખત્યારી કે મુક્ત મૂડીવાદની વ્યવસ્થામાં લાંબી લાંબી વહીવટી પ્રૉસિજર્સ (પ્રક્રિયાઓ)ને બિલકુલ સ્થાન નથી. યોગ્ય માણસને યોગ્ય કામ સોંપાય છે. લાગવગશાહી નથી. કાયદાઓ સરળ અને સ્થળ પર તાકીદે ઉકેલ લઈ આવે તેવા આકરા તથા ઝડપી છે. પરિણામે કર્મચારી એકધારી (મોનોટેનસ) કામગીરીથી કંટાળતો નથી. ચોથું, આવી ચીલાચાલુ અને કંટાળાજનક કારકૂની કામગીરી મોટા ભાગે માણસો નહીં, પણ યંત્રો જ કરે છે. જેમ કે સતત એકની એક વાત લખલખ કરીને ગમે તેવો કામઢો માણસ પણ ત્રાસી જાય. ત્યાં આવા કામ કૉમ્પ્યુટર પ્રોગ્રામથી કરવામાં આવે છે. કાયમ ટિકિટો ફાડી ફાડીને બુકિંગ કલાર્ક નેચરલી ચીડિયો થઈ જાય. ત્યાં આવા કામ માટે ઑટોમેટિક મશીન્સ છે! પાંચમુ, પ્રજા શિસ્તબદ્ધ અને શિક્ષિત હોઈ કામગીરી ઉકેલવામાં લાંબી માથાકૂટ થતી નથી. ફટાફટ પરિણામો લાવી શકાય છે. છઠ્ઠું, યુરોપ-અમેરિકામાં તો કુદરતી આબોહવા જ માણસને પરાણે વર્કોહોલિક થવા પ્રેરે તેવી હોય છે. સૂરજ આગ ઓકતો નથી. હવામાં મજેદાર ઠંડક હોય છે. હવામાન વાદળછાયું રહે છે. ફૂલો, હરિયાળી, સ્વચ્છતા અને ઓછી વસતિને લીધે ઉપલબ્ધ થતી વિશાળ જગ્યાને લીધે વાતાવરણ કામ કરવાનો પોરસ ચડાવે તેવું હોય છે. આપણો મુલક કાળઝાળ ગરમીમાં ૩ મહિના બફાય છે. સાંકડમોંકડ ગંદી જગ્યામાં વીજળી - પાણીના ધાંધિયા વચ્ચે કામ કરવું પડે છે. વાતાવરણ સૂકું, ધૂળિયું, બદરંગ, પ્રદૂષિત હોય છે. ઉપરથી સતત બીજાની વાતમાં માથું મારવાનો કચકચિયો સ્વભાવ અને ઉપરીઓની કાયમી કટકટ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. બફારામાં કાર્યક્ષમતા ઘટે એ તો વૈજ્ઞાનિક હકીકત છે!

વરસમાં સરેરાશ માત્ર નવ દિવસ જ રજા ભોગવતા જાપાનીઓમાં 'કારોશી'નું પ્રમાણ ચિંતાજનક હદે વધવા લાગ્યું. 'કારોશી' એટલે વધુપડતા કાર્યબોજના ટેન્શનમાં થતી આત્મહત્યા! એ ઘટાડવા સરકારે 'હેપી મન્ડે'ની સ્કીમ દાખલ કરી છે. મતલબ, શનિ-રવિ-સોમ ત્રણેય દિવસ કામમાંથી મુક્તિ!

તો પછી રજાઓને લીધે કથળી જતી આર્થિક હાલતનું શું? વેલ, એકાદ દિવસની વાત જવા દો, પણ સળંગ રજાઓ મળે એટલે માણસ શું કરે? નેચરલી, કુટુંબકબીલા સાથે ફરવા જાય. દૂરનાં સ્થળોએ સહેલગાહ કરે... બહાર જમવા જાય.. વૉટર પાર્કમાં ધુબાકા મારે... એમ્યુઝમેન્ટ પાર્ક કે મેળા કે મ્યુઝિયમમાં જાય.... દોસ્તો સાથે સિનેમા જોવા કે સંગીતનો જલસો સાંભળવા જાય... ડિસ્કોથેકમાં સવારે કામ પર જવાની ચિંતા મૂકી વધુ સમય નાચવા જાય... પુસ્તકો કે મૅગેઝિન્સ ખરીદી વાંચે, ડીવીડી લઈ આવી નિહાળે... નવરા બેઠા શોપિંગ કરે, નવી ઘરવખરી વસાવે, ઘરમાં રિનોવેશન કરાવે, પાર્ટીઓ આપે.... કોઈ કોચિંગ ક્લાસ કે કૅમ્પમાં જોડાય... સ્પોર્ટ્સ ક્લબ, બૉલિંગ એલી, પૂલ પાર્લર... ગોલ્ફ ક્લબ વગેરેની મુલાકાત લે... કશીક સર્જનાત્મક પ્રવૃત્તિનો આરંભ કરે, કાર્યક્રમો કે પ્રદર્શનો યોજે, શોખ વિકસાવવા કે પૂરો કરવાના પ્રયત્નો કરે. રાઈટ? રેસ્ટોરેન્ટથી શોપિંગ મૉલ સુધીની માર્કેટ અહીં મંદીની વચ્ચે પણ વધતી જ જાય છે. રજામાં નવરો થયેલો સમુદાય નૉર્મલ રૂટિન કરતાં વધુ કાવડિયાં ખર્ચતો અને હરતોફરતો થઈ જાય છે!

અહીં આવા રિઝલ્ટ માટે જરૂરી 'સ્ટ્રટેજિક હૉલિડે મૅનેજમેન્ટ'ની કામગીરી સરકારે રજા રાખ્યા વિના શરૂ કરવાની જરૂર છે. આપણે ત્યાં રજાઓ છે, એ એટલું બધું નુકશાનકારક નથી - પણ અસંતુલિત રજાઓ અને પરિશ્રમ પ્રત્યે સૂગ છે એ હાનિકારક છે.

અમેરિકા જેવા ખ્રિસ્તી દેશમાં જે 'ગુડ ફ્રાઈડે'ની રજા નથી, એ આપણે ત્યાં છે! વિદેશોમાં વ્યક્તિગત કે રાષ્ટ્રગત કારણોસર છુટ્ટી જાહેર કરવી બહુ કપરું કામ છે. આપણે ત્યાં બધા આવી લીંબુઉછાળ રજાઓને સહર્ષ વધાવી લે છે! કોઈ પણ મહાનુભાવ ગુજરી જાય, એટલે સ્વર્ગસ્થને અંજલિ આપવા રૂપાળા પણ દંભી ઓઠા હેઠળ બધા કામકાજ પડતું મૂકશે! પોતાના વ્હાલેશરી ધર્મગુરુ પધાર્યા હોય, એટલે એમના જાતભાતના પ્રોજેક્ટમાં સેવા આપવા માટે કર્મચારી દોથો ભરીને લીવ એપ્લિકેશન ઠઠાડશે. આપણી કામ ન કરવાની માનસક્તિા છુપાવવા રજાનું બહાનું હાથવગું રહે છે. યાદ રાખો કે ગાંધીજીથી લઈ રાજા રામ સુધીના કોઈ મહાનુભાવે અંગત જિંદગીમાં વિનાકારણે રજા ભોગવી નહોતી, માટે મહાન થયા હતા!

હા, ગ્રુપ હૉલિડેઝનો આડકતરો આર્થિક ફાયદો આપણે આગળ જોઈ ગયા છીએ. જન્માષ્ટમીના તહેવારોમાં સૌરાષ્ટ્રમાં કર્મચારીઓ તો શું, વેપારીઓ પણ રજા રાખે છે. બધી સડકો સૂમસામ - બધા ઘરોમાં કોલાહલ! કામ કરી કરીને તૂટી મરો અને દેશ-દુનિયાનું કલ્યાણ કરો, એના કરતાં આરામ કરીને આ ઘડી જ આપણા આત્માનું કલ્યાણ કરી લેવું. આવી અદ્દભુત આધ્યાત્મિક ફિલસૂફી લોહીમાં છે. શારીરિક મજૂરી કરતાં પણ દિમાગી મજૂરી કરનારાઓને વધુ થાક લાગતો હોય છે. શિક્ષક, ડૉક્ટર, કલાકાર, દિગ્દર્શક, સંગીતજ્ઞ... આ બધા જ જોબ ક્રિયેટિવ છે અને બૅટરી ચાર્જ કરવા માટે વાર-તહેવારે એમાં રજાનું રિફ્રેશમેન્ટ મળવું જોઈએ.

## દરેક સેન્ટર / પ્રમુખને જાણવા જોગ...

- દરેક સેન્ટરના પ્રમુખશ્રીને જણાવવાનું કે નવા વર્ષ ૨૦૧૬ના દરેક મેમ્બરના Address મોકલી આપવા નમ્ર વિનંતી, જેથી જાગૃતિ સંદેશ મોકલવામાં તકલીફ ના પડે.
- દરેક સેન્ટરને ખાસ જણાવવાનું કે દરેક મહિનાના પ્રોગ્રામનો Circular JJC-Central Boardની Officeમાં કુરિયર કરવા તથા મહિનાના અંતમાં મળે તેમ કરવા નમ્ર વિનંતી, જેથી જાગૃતિ સંદેશમાં મનોરંજનની અટારીમાં તમારા સેન્ટરની વિગત આપી શકાય.
- નવી કમિટીના એડ્રેસ મોકલી આપવા નમ્ર વિનંતી. ડિરેક્ટરી Form મોકલી આપેલ છે તો દરેક સેન્ટરે Fillup કરીને મોકલી આપવા અને સાથે દરેક સેન્ટરના પ્રમુખશ્રી તથા સેક્રેટરીનો ફોટો પણ મોકલી આપવા નમ્ર વિનંતી.

# તમને તમારા પર ભરોસો છે ખરો ?

અપને મન મેં ડૂબકર પા લે સુરાગે જિંદગી,
તૂં અગર મેરા નહીં બનતા, ન બન, અપના તો બન!
*-ડૉ. અલ્લામા ઈકબાલ*

સફળ માણસ અને નિષ્ફળ વ્યક્તિમાં મુખ્ય તફાવત શું હોય છે? સફળ માણસને પોતાના પર ભરોસો હોય છે. નિષ્ફળ માણસ ડર અને શંકામાંથી જ બહાર આવી શકતો નથી. માણસને કોઈ રોકતું હોય તો એ પોતાની જાત જ છે. તમારા સિવાય તમને બીજા કોઈ રોકી શકે નહીં. અડધાં યુદ્ધ માત્ર ભરોસાથી જિતાતાં હોય છે. તમે કેવી મનોદશા સાથે મેદાનમાં ઊતરો છો તેના પરથી જ અડધી હાર કે જીત નક્કી થઈ જતી હોય છે. માંદો હોય એ મરેલાના સમાચાર જ લાવે. માનસિકતા જ તમને સિક અથવા સક્ષમ બનાવે છે.

ડાઉટ ઑલવેઝ ડેન્જરસ હોય છે. કંઈ પણ નવું કરતી વખતે એવો વિચાર આવે એ સ્વાભાવિક છે કે હું સફળ થઈશ કે નહીં? દરેક માણસ આ પ્રશ્નનો જવાબ પોતાની અંદરથી મેળવવાનો પ્રયાસ કરતો રહે છે. તમને તમારી પાસેથી જે જવાબ મળે એવું જ તમારી સાથે થાય છે. બહુ અઘરું છે હોં, એવું વિચારશો તો અઘરું જ લાગવાનું છે. તમે તમારી ટાસ્કને અગાઉથી જ અઘરી બનાવી દો છો. બીજો એક જવાબ એ હોય છે કે કાંઈ વાંધો નહીં આવે, હું કરી લઈશ. આવો જવાબ તમને સંઘર્ષ માટે તૈયાર કરે છે. ત્રીજો જવાબ એવો હોય છે કે ન શું થાય, હું કરી જ શકવાનો છું. કેટલા બધા લોકો સફળ થાય છે તો પછી હું શા માટે ન થાઉં? આ કામ, આ ચૅલેન્જ મારા માટે જ છે. આઈ વિલ ઓવરકમ ઈટ. આ જવાબ કામને આસાન અને આનંદદાયક બનાવે છે.

એક ફૂટબૉલ ટીમ હતી. આ ટીમ સતત હારતી હતી. આખરે એના કોચ બદલી દેવાયા. કોચે જોયું કે બધા જ પ્લેયર બેસ્ટ છે. માત્ર હારવાનો ડર નીકળી જાય તો કામ પતી જાય. જોકે, પ્લેયર સતત હારને કારણે હતાશામાં જ હતા. આ ટીમ એક મૅચ માટે રવાના થતી હતી. ટીમ બહાર નીકળી કે સામે એક સંત મળ્યા. કોચને ખબર ન હતી કે એ સંત કોણ છે. તેણે બધા પ્લેયર્સને કહ્યું કે એક મિનિટ, બધા રોકાઈ જાવ. આ મહાન સંત છે. એ આશીર્વાદ આપશે એટલે આપણે જીતી જઈશું. બધાએ સંતના આશીર્વાદ લીધા. કોચે કહ્યું કે આજે આપણી જીત પાક્કી છે. આપણી સાથે સંતના આશીર્વાદ છે. હવે આપણને કોઈ હરાવી નહીં શકે. બધા નક્કી કરી લો કે આજે આપણે જ જીતવાના છીએ.

ટીમ મેદાન પર પહોંચી. બધા ઉત્સાહથી ભરપૂર હતા. કોઈ જાતનાં ભય કે હતાશા વગર રમ્યા અને ટીમ જીતી ગઈ. બધાને થયું કે પેલા સંતના આશીર્વાદ કામ કરી ગયા. આ ટીમ જીતીને પાછી ફરતી હતી. બરાબર એ જ સમયે પેલા સંત એમને સામે મળ્યા. બધા પ્લેયર્સ તેમના પગે પડી ગયા. તમારા આશીર્વાદથી અમે જીતી ગયા. સંત ખડખડાટ હસવા લાગ્યા. તેમણે પોતાનાં દાઢી-મૂછ હટાવી દીધાં. સંતનાં કપડાં હટાવી પેન્ટ-શર્ટ પહેરી લીધાં. પ્લેયર્સ પાસે આવીને કહ્યું કે હું કંઈ સંત-બંત નથી. હું તો બહુરૂપી છું. રોજ નવાનવા વેશ કાઢી ખેલ કરું છું. મેં કે મારા આશીર્વાદે તમને નથી જિતાડ્યા. તમે જીત્યા એનું કારણ એ છે કે તમને વિશ્વાસ જાગ્યો કે આજે અમે જીતી જઈશું. હું તો માત્ર તમારી શ્રદ્ધા પાછી જીવંત કરવા માટે નિમિત્ત બન્યો છું. જીત્યા તો તમે જ છો અને તમારી જીત માટે માત્ર તમે જ જવાબદાર છો, હું પણ નહીં અને બીજું કોઈ પણ નહીં!

સફળતાની મજા શું છે? એ જ કે સફળતા નિશ્ચિત હોતી નથી. કોઈ પણ નવા પડકારમાં જો કંઈ નક્કી હોય તો એ નિષ્ફળતા છે. માણસે નિશ્ચિત નિષ્ફળતાને જ ખોટી પાડવાની હોય છે. એ ત્યારે જ બની શકે જ્યારે માણસને પોતાની જાત પર ભરોસો હોય. કોઈ તમને પ્રેરણા આપી શકે, પણ અંતે સિદ્ધ કે સાર્થક તો તમારે જ થવાનું હોય છે. એટલે જ માણસે એવા લોકોની નજીક રહેવું જોઈએ જે પૉઝિટિવ હોય. અંધારામાં જઈએ તો બધું કાળું જ લાગવાનું છે. અજવાળું જ પ્રકાશ તરફ લઈ જશે.

કેવું છે, માણસ બીજા લોકો પર આસાનીથી ભરોસો મૂકી

દે છે, પોતાના પર જ ભરોસો મૂકી શકતો નથી. તમને જો તમારા પર જ ભરોસો નહીં હોય તો તમે બીજા પર મૂકેલો ભરોસો પણ નકામો જશે. લોકો એવું જ કહેશે કે એને પોતાના પર ભરોસો નથી તો એ આપણો ભરોસો શું કરવાનો? તમને તમારા પર ભરોસો હશે તો જ તમે બીજા લોકોમાં ભરોસો પેદા કરી શકશો. જેને પોતાના પર શંકા હોય એને બધા ઉપર શંકા જ જવાની.

એક સરસ વાર્તા છે. એક માણસને કલ્પવૃક્ષ મળી ગયું. કલ્પવૃક્ષ નીચે બેસીને વ્યક્ત થતી દરેક ઈચ્છા સંતોષાય એવી તેને ખબર હતી. એ કલ્પવૃક્ષ નીચે બેઠો અને તેને તરસ લાગી. મારી તરસ છીપાઈ જાય એવો તેણે વિચાર કર્યો અને તેની સામે પાણી આવી ગયું. એ માણસને ભૂખ લાગી. તેણે વિચાર કર્યો અને તેની સામે ભોજન આવી ગયું. સંપત્તિવાન થવાનો વિચાર આવ્યો તો સોના-ચાંદીના દાગીના આવી ગયા. અચાનક તેને ડર લાગ્યો કે આ દાગીના લૂંટાઈ જશે તો? લૂંટારા આવ્યા અને બધું લૂંટી ગયા. એ માણસને વધુ ડર લાગવા માંડ્યો. ભૂત આવશે તો? મને ખાઈ જશે તો? ભૂત આવ્યું અને તેને ખાઈ ગયું!

આ વાર્તા સાંભળીને એક યુવાન સાધુ પાસે ગયો. સાધુને કહ્યું કે આપણે ડરીએ નહીં તો આપણે જે ધારીએ એ મળી જાય અને આપણી પાસે જ રહે? સાધુએ કહ્યું કે, ચોક્કસપણે રહી શકે. આખરે એ યુવાને સાધુને પૂછયું કે તો હવે તમે મને એટલું કહો કે એ કલ્પવૃક્ષ ક્યાં છે? મારે મારી તમામ ઈચ્છાઓ પૂર્ણ કરવી છે. તમે મને માત્ર એ કલ્પવૃક્ષનું સ્થળ બતાવો. તમને ખબર છે એ કલ્પવૃક્ષ ક્યાં હોય છે?

સાધુએ કહ્યું કે મને પાક્કી ખબર છે કે એ કલ્પવૃક્ષ ક્યાં છે અને હું તને એ બતાવી પણ શકું છું. યુવાનથી રહેવાતું ન હતું. તેણે સાધુને કહ્યું કે મને જલદી બતાવો કે એ કલ્પવૃક્ષ ક્યાં છે? સાધુએ માત્ર બે શબ્દોમાં જ જવાબ આપી દીધો અને કહ્યું કે, તારી અંદર! ઈચ્છા પૂરી કરવાની તાકાત તારી અંદર જ છે. ભય, ડર, શંકા, દ્વિધા પણ તારી અંદર જ છે. ભરોસો, શ્રદ્ધા, વિશ્વાસ, ખાતરી અને નિશ્ચિતતા પણ તારી અંદર જ છે. કલ્પવૃક્ષ હોતું નથી, માણસે સર્જવું પડે છે.

સફળતા કે મહાનતા ક્યારેય સરળ હોતી નથી. જે લોકો સફળ થયા છે કે એ કંઈ એમ ને એમ થયા હોતા નથી, કેટલી બધી નિષ્ફળતાઓને ઓવરટેક કરીને એ સફળ થયા હોય છે. એ લોકોમાં કંઈ ખૂબી હોય છે તો માત્ર એટલી જ કે હું સફળ થવાનો છું. સફળતા માટે એને કોઈ ડાઉટ ન હતો. નબળા વિચાર કરશો તો નિરાશા જ મળશે. સંપૂર્ણ મહેનતની તૈયારી રાખો અને તમારી જાત પર પૂરો ભરોસો રાખો. મારાથી નહીં થાય તો? અથવા તો મને નથી લાગતું કે હું કરી શકું, આવું વિચારશો તો નિષ્ફળ જવાના ચાન્સીસ બમણા થઈ જશે. જીતવા માટે તમારે પહેલાં મનથી જીતવાનું હોય છે. તમારી જાત પર ભરોસો રાખતા થઈ જાવ, અડધી સફળતા એમ ને એમ મળી જશે. બાકીની અડધી સફળતા તમારી મહેનત સિદ્ધ કરી આપશે. ભરોસો હશે તો મહેનતમાં પણ મજા આવશે, મહેનત મજૂરી નહીં લાગે. તમારી સફળતા તમારે જ નક્કી કરવાની હોય છે.

**છેલ્લો સીન :** બચપણમાં હું કામ કરતો ત્યારે દસમાંથી નવ કામ નિષ્ફળ નીવડતાં, પણ મારે નિષ્ફળ થવું ન હતું એટલે મેં દસ ગણું વધારે કામ કરવા માંડ્યું.

*-જ્યોર્જ બર્નાર્ડ શો*

*સર્જનહાર'માંથી સાભાર*

## વિશ્વાસ ક્યાં મળે છે

વિશ્વાસ ક્યાં મળે છે કોઈ આંખમાં હવે?
વિશ્વાસ ચોપડીમાં મળે વાંચવા હવે.
વિશ્વાસ ખટઘડી તણા સંભારણા હવે,
વિશ્વાસ દાદીમાની કોઈ વારતા હવે.
શોધો છો એ જીવન હવે મળશે નહીં કદી,
વિશ્વાસના આ 'વિ' વિનાના શ્વાસમાં હવે.
ફાવી ગયું બધાયને ઘર બહાર ઝાંપે છે...
'વિશ્વાસ' નામ કોતરી શણગારતા હવે
તારી ને મારી વચ્ચેનું અંતર, કહું? શું છે?
વિશ્વાસના ન હોવાની સંભાવના હવે.
છો શ્વાસ જ્યાં નિશ્વાસ મૂકે, શબ્દ નીકળે,
વિશ્વાસના વજન વિના શું કામના હવે?

## BIODATA



**Name** : **SUMEER H. TURAKHIA**
**Bd/Bt/Bp** : 16.07.1984, 1.47 pm, Mumbai
**Height** : 6' - 0"
**Caste** : Dasha Shrimali Sthanakvasi Jain
**Native** : Lathi, Amreli district
**Education** : B.Arch., Rachana Sansad's Academy of Architecture, Mumbai
**Profession** : Currently working with design firm 'MALIK Architecture' in Mumbai and with father's consultancy firm 'Unison Enterprise'
**Grandparents** : Late Shri Jayantilal Turakhia; Late Smt. Vidyagauri Turakhia
**Father** : Hemant Jayantilal Turakhia (B.E.), Civil-interior consultancy business (Mob: 9821917331)
**Mother** : Naju Hemant Turakhia (M.Sc.), Consultant to a pharmaceutical company (Mob: 9821231219)
**Younger brother** : Sudeep Hemant Turakhia (B.E., PGDM), Working with MNC bank
**E-mail** : unison.enterprise@gmail.com
**Mosal** : Late Shri Shashikant Mehta Smt. Lalitaben Mehta, Rajkot
**Preference** : Well educated, family oriented partner
**Res. address** : Flat 301, Lotus Heights, Road No. 15, Opp. Gandhi Maidan, Chembur (E), Mumbai –400 071.
**Note** : Engagement called off within six weeks in May 2014 on account of incompatibility.

Advt.

## BIODATA



**Name** : **MEGHA PARESH SHAH**
**Bd/Bp/Bt** : 19.10.1987 / Mumbai / 5.25 am.
**Height** : 5' - 7"
**Weight** : 72 kgs.
**E-mail** : pareshshah53@gmail.com
**Blood Group** : 'O' +ve
**Partner's** : Post Graduate
**Preference** : Residing in Mumbai
**Education** : Master in Management Studies (MMS) (Finance) (2010) University of Mumbai
: Bachelors of Commerce (B.Com.) (2008) University of Mumbai
**Current Job Profile** : Manager in a leading Pharma MNC at Mumbai
**Religion** : Dasha Shrimali Sthanakwasi Jain
**Native Place** : Mangrol (Saurashtra)
**Father** : Paresh Prabhudas Shah-CA
Mobile : +91 98210 41520
Res. : (022) 21641295
**Mother** : Deepa Paresh Shah - House wife
**Elder Brother** : Viral Paresh Shah - C.A. CFA(USA)
**Residence** : Mulund (W), Mumbai - 400 080.

Advt.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | મીનય મહેશભાઇ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૫'-૨''<br>એમ.બી.એ., એમ.બી.એસ., - (નિર્દોષ છૂટાછેડા) | વીસા શ્રીમાળી ઘોઘારી જૈન<br>દિહોર – ભાઇંદર | (ઘર) —<br>(મો) ૯૩૨૦૫૪૪૩૫૧ |
| ૨) | અમિત નલિનભાઇ શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦''<br>બી.કૉમ., એમ.કૉમ., – | વીસા ઓશવાળ દેરાવાસી જૈન<br>વેરાવળ - અંધેરી | (ઘર) ૨૬૨૦૯૬૫૬<br>(મો) ૯૮૨૦૪૫૭૦૮૭ |
| ૩) | અંકિત નરેશભાઇ મહેતા, ૨૮-૫-૧૯૮૪ ૫'-૧૦''<br>પોસ્ટ ગ્રૅજ્યુએટ, - | –<br>જામનગર - ભાઇંદર | (ઘર) ૨૮૧૮૮૮૨૬<br>(મો) ૯૯૩૦૩૨૩૪૪૯ |
| ૪) | નીરવ નિલેષભાઇ કંપાણી, ૨૯-૬-૧૯૮૫, ૫'-૧૦''<br>બી.કૉમ., એ.એમ.પી., - | દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વેરાવળ - બોરીવલી | (મો) ૯૩૨૨૨૮૦૨૪૯<br>(મો) ૯૦૦૪૪૯૧૫૪૪ |
| ૫) | દેવાંગ મહેન્દ્રભાઇ ભણશાલી, ૨૭-૩-૧૯૭૧, ૫'-૫''<br>એસ.વાય.બી.કૉમ., - કૉમ્પ્યુટર કોર્સ | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર – અંધેરી | (ઘર) ૨૬૮૭૮૦૦૯<br>(મો) — |
| ૬) | અમિત નરેશભાઇ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>બી.કૉમ., - | વીસા ઓસ.મૂ.પૂ.શ્વે.દેરા. જૈન<br>પાલનપુર - બોરીવલી | (મો) ૮૨૯૧૩૮૩૮૭૮<br>(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૭) | વૈભવ એચ. ઠક્કર, ૧૦-૩-૧૯૮૪, ૬'-૦''<br>બી.ઇ.આઇ.ટી./એમ.બી.એ. ફાઇનાન્સ - | સ્થાનકવાસી જૈન<br>જામનગર - ઘાટકોપર | (ઘર) ૨૫૨૨૦૨૮૪<br>(મો) ૯૮૯૨૦૨૭૧૨૦ |
| ૮) | મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧''<br>C.A., Pursuing ACCA (UK), – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૯) | રાજન કિરીટભાઇ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦''<br>H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૨) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૪'-૦''<br>એસ.એસ.સી. – (હળવો મંગળ + શનિ) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – અંધેરી | (ઘર) —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૩) | હિરવી અરવિંદભાઇ દોશી, ૧૩-૩-૧૯૮૪, ૫'-૨''<br>બી.કૉમ., એમ.કૉમ., – | દેરાવાસી સ્થા. જૈન વીસા ઓસવાળ<br>પીલવઇ – કાંદિવલી | (ઘર) ૨૮૦૮૨૯૦૭<br>(મો) ૯૯૩૦૭૩૦૮૧૩ |
| ૪) | ધ્વનિ ભરતભાઇ શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>એમ.કૉમ., - | શ્રી કઠોર વીસા શ્રીમાળી જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) —<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | રુચિ અતુલભાઇ શાહ, ૨૭-૧-૧૯૯૨, ૫'-૦''<br>બી.સી.એ., - | સત્તાવીશ વીસા પોરવાળ દેરા. જૈન<br>વલસાડ – યુ.એસ.એ. | (ઘર) —<br>(મો) ૯૯૮૭૪૬૪૧૧૨ |
| ૬) | ઇશા કેતનભાઇ શાહ, ૩-૮-૧૯૯૧ ૫'-૭''<br>ઍડ્વોકેટ ઍન્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, - | ઘોઘારી વિસા ઓસવાળ દેરા.જૈન<br>– માટુંગા | (ઘર) —<br>(મો) ૯૩૨૨૨૬૨૪૦૯ |

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa
**09 N / 10 D**



**₹115999/-** Departure Every Wednesday

## Only Seychelles
**05 N / 06 D**



**₹90000/-** Departure Every Thursday

## Italy with Swiss
**10 N / 11 D**



**EURO 1549** + Airfare + Visa Taxes Departure:Every Sunday

## Beauty Europe
**08 N / 09 D**



**₹49999/- + Euro 1150** Departure Every Thursday & Sunday

## Amazing New Zealand
**13 N / 14 D**



**₹80000/- + NZD 2559**

## DUBAI
**05 N / 06 D**



**₹50000/-** Daily Departure

**INCLUSION: Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.**

ADVT.


GEM™ TOURS & TRAVELS PVT. LTD
*The Luxury Tour Co.*

• Hemang Doshi +91 9322216626 • Virag Shah +91 9821065854
• Hemen Kanthawala +91 9819084064 • Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

HUGHES ROAD: (022) 2367 7070, DELHI: +011 40540012/13, PARLE: (022) 26178400, KHAR: +91 8291619279, KANDIVALI: +91 9920133567, VASHI: +91 91 22 41237070, PUNE: +91 9326222552, CHENNAI: +91 44 26401780, AHMEDABAD: +91 792 646 0300, SURAT: +91 2613913900, JAMNAGAR: +91 9426207014, BANGALORE: +91 9840045533, VASHI: +91 22 41237070, GURGAON: 01244141468

Price Rs.5-00

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/04/2016
JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

# JJC CENTRAL BOARD JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST FELICITATION CEREMONY HONOURABLE DONOR'S & JJC CENTRE'S SATURDAY, 2nd APRIL 2016











Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**